‘વિચરતા સમુદાય સમર્થન મંચ’

# અસ્તિત્વ

– વિચરતી જાતિની જીવન ટકાવી રાખવાની મથામણમાં શિક્ષણની કેડીએ પા પા પગલી...



### શ્રદ્ધા...

પરંપરાગત વ્યવસાયો છૂટતા વિચરતી જાતિના ઘણા પરિવારો ભીખ માંગવા માંડ્યા. બાળકો પણ રાવણ હથ્થો લઈને સવારના પહોરમાં રાતનું વધેલું વાળુ માંગવા નીકળી પડે. તો કેટલાક રસ્તા પર માંગે. જોઈને જીવ બળી જાય.. શું કરવું? ભીખમાં ખાવાનું કે પૈસા આપી દેવા? વળી આટલું આપી દેવાથી આ બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ થવાનું? જવાબ ના હતો.. જીવનભર મૂડીની જેમ સાથે રહે તેવું કાંઈક આપીએ એમ વિચારતા શિક્ષણની શરૂઆત થઈ.. તમે અમારા છો અને આ બાળકોના શિક્ષણરૂપી યજ્ઞમાં આહુતી આપશો તેવી ક્ષદ્ધા રાખીએ છીએ...

## બાળકોને આભ આંબતા કરવામાં નિમિત્ત બનીએ...



મારા છોકરાને ભણતર ચડતું નથી.. બિચારો ખૂબ મહેનત કરે છે પણ.. આવું કહેતા મા-બાપને આપણે જોઈએ છીએ..બાળકને શાળામાં દાખલ કર્યા પછી બાળકની સાથે સાથે મા-બાપનું પણ ફરીથી ભણવાનું શરૂ થઈ જાય છે. જાગૃત મા- બાપ તરીકે બાળકને ભણાવવા જે પણ કરવું પડે તે બધું જ આપણે કરીએ છીએ, પણ વિચરતી જાતિના આ બાળકો તો શાળામાં જતા જ નથી અથવા જાય તોયે એને ભણતર બરાબર ચડ્યું કે નહીં તે જોવા કે સમજવાની એના મા -બાપની સમજણ નથી. મા-બાપ સાથે ગમે તેટલી ડાહી ડાહી વાતો કરીએ, લાંબાગાળે શું ફાયદો થશે તે સમજાવીએ છતાં બાળકને સતત ૧૫ વર્ષ ભણાવવાની ધીરજ મા-બાપની તો હોતી નથી. અહીંયા તો બાળક ૧૨ કે ૧૫ વર્ષનું થાય એટલે કામે લાગી જાય અને તેના માંગા આવવાના શરૂ થઈ જાય અને લગ્ન પણ થઈ જાય. સરકારે દીકરીની લગ્નની ઉંમર ૧૮ અને દીકરાની ૨૧ વર્ષ ઠરાવી છે પણ આટલી ઉંમરે પહોંચતા સુધીમાં આ બાળકો ઓછામાં ઓછા એક બાળકના મા-બાપ તો બની જ જાય...પરિવાર નિયોજનની તો સમજ ના હોય એટલે પરિવાર વધતો ચાલે.. આમ આવકમાં ભાગ પાડનારાની સંખ્યા વધતી જાય એટલે પરિવારમાં કુપોષિત વ્યક્તિઓની સંખ્યા પણ વધે. આ પરિવારમાં જન્મલેનાર સ્ત્રી ૩૦ વર્ષની હોય તો પણ જાણે ચાલીસી વટી ગઈ હોય તેવી ઘરડી લાગે.. આ જાતિઓમાં ઘડપણ તો નસીબદારને જ આવે.

બાળકના જન્મથી લઈને છેક અંત સુધીની આ પરિવારોની સફર - દિવસ ઊગે એટલે કામ પર જવાનું, તેમાંથી થતી આવકમાંથી પરિવારનું પુરુ કરવાનું. બસ જન્મ્યા છે એટલે જ્યાં સુધી જીવાય ત્યાં સુધી જીવવાનું, એનાથી વધારે કશું જ નહીં... પરિવારની આ સફરમાં બાળકોને પોતે કેવું ભવિષ્ય આપી રહ્યા છે તેનો તો વિચાર પણ ના આવે.. આવા પરિવારના બાળકોને તેમના મા-બાપ જે જીવ્યા છે તેનાથી કાંઈક નોખું ભવિષ્ય આપવાનો દૃઢ નિશ્ચય સંસ્થાએ કર્યો છે. હજુ તેમાં ખાસ નોંધપાત્ર કશું કરી શક્યા નથી એટલે જ અમે લખ્યું છે - **‘શિક્ષણની કેડીએ પા પા પગલી...’** હજુ ઘણું ચાલવાનું છે અને ઘણું કરવાનું છે.. આ બાળકોને સ્વપ્ન જોતા કરવાનું છે, તેમને આભ આંબતા કરવા છે પણ આ બધું સમાજના સહયોગ વગર શક્ય નથી... શિક્ષણના આ યજ્ઞમાં આપ મદદરૂપ થશો તેવી શ્રદ્ધા સાથે...

‘વિચરતા સમુદાય સમર્થન મંચ’
‘હરીકુટીર’ C/O સદ્‌વિચાર પરિવાર કેમ્પસ, ઈસરોની સામે, સૅટેલાઈટ પોલીસ સ્ટેશન પાસે,
રામદેવનગર ટેકરા,અમદાવાદ-૩૮૦૦૧૫, ફોન નંબર: ૦૭૯-૨૬૮૬૦૩૭૮-૭૯
email: vssmgujarat@gmail.com, Website:www.vssmindia.org

## વિ.એસ.એસ.એમ.ના ટ્રસ્ટી

શ્રી માધવ રામાનુજ (પ્રમુખશ્રી) | શ્રી પારૂલબેન દાંડીકર (ઉપપ્રમુખ શ્રી)
શ્રી લીલાધર માણેક ગડા (ટ્રસ્ટીશ્રી) | શ્રી ગીતા ગાલા (ટ્રસ્ટી શ્રી)
શ્રી પ્રવીણભાઈ કે. લહેરી (ટ્રસ્ટીશ્રી) | શ્રી મિત્તલબેન પટેલ (મંત્રી શ્રી)

Your precios contribution may change somebody's life.
please donate

Kindly draw the cheques/DD of your donations in favour of
"Vicharta Samuday Samarthan Manch" or "VSSM"
All donations are liable for Tax Exemption under section 80 – G of the I.T.Act

**BANK DETAIL:**
Dena Bank : Ambawadi Branch Ahmedabad
A/C No. 085710024266
RTGS/IFSC Code: BKDN0110857

V.S.S.M. Trust Reg. No. F/15163/Ahmedabad
V.S.S.M. Society Reg. No: Guj/15163/Ahmedabad
V.S.S.M. PAN No. AABTV2421 M

વિચરતા સમુદાયોના જીવનમાં ઊજાસ પાથરવામાં નિમિત બનવા આપનું અનુદાન આવકાર્ય છે. આપના અનુદાનનો ચેક V.S.S.M. અથવા 'વિચરતા સમુદાય સમર્થન મંચ'ના નામનો લખી મોકલવા વિનંતી.

*આપનું અનુદાન કરમુક્તિને પાત્ર છે.*



Aneri Nihalani



## આ મથામણ શાને...


૧ ગણ્યા ગણાય નહીં, વીણ્યા વીણાય નહીં છાબડીમાં માય નહીં..
૩ અમારી વસાહતમાં જ સરકારી શાળા કેમ ના આવે?
૪ તમે જ ભણતા કર્યા છે અને અમારે પણ હવે ભણવું છે ..
૬ નરેશ ધો.૮માં ૯૩.૩૯ ટકાવારી સાથે પાસ થયો
૭ જ્યાં દરેક બાળકને પ્રેમ મળે કોઈ ભેદ ના હોય..
૮ ઋતુચક્રને અનુલક્ષીને દિવસો નક્કી કર્યા અને જન્મ દિવસની ઊજવણી શરૂ કરી
૯ અમારા માટે હૉસ્ટેલ કેમ નહીં?
૧૦ તાલુકા કક્ષાએ આયોજિત ચિત્ર સ્પર્ધામાં પ્રથમ–ધવલ બજાણિયા
૧૧ વાડિયાની દીકરીઓ માટે અમદાવાદમાં હૉસ્ટેલ વ્યવસ્થા
૧૨ ચંદ્ર અમારા માટે આશાનું કીરણ છે...
૧૩ સ્વામીનારાયણ ગુરુકુળ – હરિયાળામાં અને
૧૪ એક સ્ત્રી કે પુરુષના બેથી ચાર વાર લગ્ન અને છૂટાછેડા થવાની
૧૦ ઘટના જ્યાં સામાન્ય છે તેવા સમાજમાં શિક્ષણની જ્યોત પ્રગટી
૧૫ લોબડી આયી થી લઈને ટીચર આવ્યા સુધીની સફર.
૧૬ અમારી શાળા અમને તો અહીંયા જ ભણવું ગમે..
૧૮ એક પણ બાળક શાળામાં જતું નહોતું એની જગ્યાએ આ વર્ષે જાનુનાથે ધો.૧૦ની પરીક્ષા આપી..
૨૦ ડફેર તરીકેની છાપ ભૂંસવી છે.
૨૨ અમારા બાળકોને ભણાવોને બેન...
૨૪ વસાહતમાં રહેતા એક પણ બાળકે શાળા જોયેલી નહીં
૨૭ વી.એસ.એસ. એમ. દ્વારા કાર્યરત શાળા અને હોસ્ટેલ ની વિગત
૨૯ વસાહત નિર્માણની ખાટી મીઠી મૂંઝવણો
૩૧ નટ પરિવારોની વસાહત : જૂના ડીસા
૩૩ વાદી પરિવારોની વસાહત ધ્રાંગધ્રા
૩૪ કાલુપુર બેંક – અમારી બેંક
૩૫ સંસ્થાની દરેક કાર્યની માહિતી એક કલીક પર...

# આ મથામણ શાને...

## ગણ્યા ગણાય નહીં, વીણ્યા વીણાય નહીં, છાબડીમાં માય નહીં..

આ જોડકણું આકાશમાં દેખાતા તારા માટે લખાયેલું છે પણ વિચરતા સમુદાયો જે પારાવાર મુશ્કેલી વેઠી રહ્યા છે તે આ જોડકણા સાથે અદ્દલ બંધ બેસે છે. ૨૦૦૬માં આ સમુદાયોને શોધવાનું શરૂ કરેલું. સરકાર અને સમાજના વિવિધ આયામો આ પરિવારો સાથે જોડાય તે ઉદ્દેશ હતો પણ જે દુઃખો છાબડીમાંય સમાતા નથી એ દુઃખોના નિવારણનું કામ ક્યાંથી શરૂ કરવું તે સમજાતું નહોતું. પરંતુ, સદ્દનસીબે ઉકેલો સુઝતા ગયા અને કામ આગળ ધપતું ગયું. સંસ્થા સ્વરૂપમાં આ કામ કરવાનું થશે તેની તો કલ્પનાય નહોતી પણ આ પરિવારોનાં પ્રેમના કારણે તેમનામાં ઊંડા ઊતરવાનું થયું. ૨૦૦૮-૦૯માં એકદમ એમનામય બનીને એક પરિવારની જેમ કામ શરૂ થઈ ગયું.

આ દેશના નાગરિક તરીકે આપને અને મને જે મળ્યું છે તે આ પરિવારોને મળે તે પહેલી ઝુંબેશ. બાળકો તો કેવા વહાલાં. શાળાએ તો જવાનું જ ના હોય બસ સાદી ભાષામાં કહીએ તો રખડ્યા કરવાનું.. એ તો એમની નિર્દોષ રમતોમાં મસ્ત. પણ આ બાળકોના માતા- પિતાને પણ તેમના ભવિષ્યની ચિંતા નહીં. સ્વપ્ન તો જોવાનું જ જાણે ભૂલી ગયેલા. કેટલીક જગ્યાએ તો આ ગરીબી એટલી કોઠે પડી ગયેલી કે, બાળકો ભીખમાં જે ખાવાનું માંગીને લાવે તેની ઉપર જ આખો પરિવાર નભે. બાળકોને શેરીઓમાં



બાળકો તો તેમની નિર્દોષ રમતોમાં મસ્ત





ગાડુ લઈને વિચરણ કરતાં સરાણિયા સમુદાયના બાળકો

ઠામણું લઈને માંગતા જોઈએ ત્યારે જીવ બળી જાય. મા-બાપની મરજી વિરૂદ્ધ બાળકોને આશ્રમશાળામાં ભણવા મૂક્યા, પણ મા-બાપની જેમ બાળકોનાય પગમાં ભમરી, ક્યાંય ટકે નહીં. છેવટના ઉકેલરૂપે તેમની જ વસાહતોમાં તંબુશાળા શરૂ કરી. બાળકોના વાલીઓને પૂછ્યું, 'તમારી વસાહતમાં નિશાળ શરૂ કરીએ તો બે - ચાર કલાક છોકરાંઓને મોકલશો?' જવાબ મળે 'આવે તો લઈ જજોને બાપલા અમે ક્યાં ના પાડી!' પણ પાછા આજ મા-બાપ છોકરાંઓને બકરાં ચારવા કે ભીખ માંગવા મોકલી દે.. ખૂબ ગુસ્સો આવે.. પણ ધીરજ જ રાખવાની હતી.. વળી બાળકોને તેમનું મજાનું આ બાળપણ તેમને ભણાવવા આવતા બાલદોસ્તો ક, ખ,ગમાં ઝૂંટવી લેશે એવો ભય. એટલે બાલદોસ્તોની તો કસોટી થઈ જાય. ગાળો બોલવી, ઝઘડવું આ તો નિયમિતનું હતું.. શરૂઆતમાં બાલદોસ્તે બાળકોની સાથે બકરાં ચરાવવા પણ જવું પડે... આમ કરતાં કરતાં તંબુશાળાનો કાર્યક્રમ સફળ થતો ગયો અને તેમાંથી જ એક સમય પછી હૉસ્ટેલની માંગણી ઊભી થઈ. 'અમારે કામ ધંધા માટે બહાર જવું છે પણ બાળકોને ક્યાં મૂકીને જવાના?' એવા પ્રશ્નો વાલીઓ પૂછતા થયા. જ્યાં ભણતરની જરાય પડી નહોતી એ હવે ચિંતા કરતા થયા. બાળકોને ભણતા કરવાના અનુભવો અદ્દભૂત રહ્યા. આમ તો સફળ અને નિષ્ફળ બંને અનુભવો થયા પણ આ સમુદાયોની આ પહેલી પેઢી છે જેનામાં શિક્ષણના બીજ રોપવામાં અમે મહદ્અંશે સફળ રહ્યાનો આનંદ છે તો શાળામાં દાખલ કરેલા તમામ બાળકો આજે ભણે જ છે તેવું પણ નથી, તેનો રંજ પણ છે...

શિક્ષણની આ સફરમાં અમે થોડું ચાલ્યા છીએ તેની ખાટી-મીઠી વાતો તમારી સમક્ષ મૂકતા આનંદ અનુભવીએ છીએ. તમને આ માહિતી ગમશે તેવી આશા સાથે..



## અમારી વસાહતમાં જ સરકારી શાળા કેમ ના આવે?

સુરેન્દ્રનગરનાં દૂધરેજમાં મારવાડી દેવીપૂજક, સરાણિયા, દેવીપૂજક, કાંગસિયા વગેરે પરિવારો રહે. વસાહતથી ગામની શાળા બે કિ.મી. દૂર અને વળી પાછો વચમાં ધ્રાંગધ્રા- સુરેન્દ્રનગર હાઈવે આવે એટલે બાળકોને શાળામાં મૂકતા વાલીઓ ડરે. અકસ્માતના અનુભવો પણ કારણભૂત. બે વર્ષ સુધી આપણે બાલઘર ચલાવ્યું. બાલદોસ્ત હર્ષદની

ખૂબ મહેનતથી છોકરાંઓ શાળામાં જતા થયા. બાળકોને શાળામાં લેવા -મૂકવાની વ્યવસ્થા ગોઠવી પણ અગત્યનું વસાહતમાં જ શાળા થાય તે હતું. વારંવારની રજૂઆતના અંતે દૂધરેજ વસાહતમાં જ શાળાની મંજુરી મળી, પરંતુ મુશ્કેલી અમલીકરણની હતી. ઘણો વખત રાહ જોવાની થઈ. વારંવારની રજૂઆતના અંતે હવે કામ શરૂ થયું છે.

*વસાહતના લોકો ગામલોકો સાથે વાત કરતાં ડરતાં પણ બાલદોસ્ત હર્ષદના સતત માર્ગદર્શનથી હવે પોતાના બાળકો માટે એસ.એમ.સી.(સ્કૂલ મેનેજમેન્ટ કમીટી)માં રજૂઆત કરતાં થયા અને પોતે પણ એસ.એમ.સીનો હિસ્સો બન્યા અને પોતાનાં બાળકો માટે ઘર આંગણે નિશાળ લાવ્યા.*





## તમે જ ભણતા કર્યા છે અને અમારે પણ હવે ભણવું છે ..

થરાદ શિવનગરમાં નાથવાદી પરિવારોના ૧૦૦ ઉપરાંત પરિવારો રહે. નાથવાદી પહેલાં સાપના ખેલ દર્શાવી લોકોનું મનોરંજન કરતા અને પોતાની રોજી રોટી મેળવતા. પણ ‘વાઈલ્ડ લાઈફ પ્રૉટેક્શન ઍક્ટ’ કાર્યાન્વીત થતા સાપના ખેલ કરવા પર પ્રતિબંધ આવી ગયો. બીજા વ્યવસાયની આવડત નહોતી. એટલે આખી વસાહતના મોટાભાગના લોકો ભીખ માંગીને પોતાનો ગુજારો કરવા લાગ્યા. સાધુ - બાવાનો વેશ ધારણ કરીને લોકો પાસે ભિક્ષા માંગે. આ વસાહતમાં આપણે શાળા શરૂ કરી. શરૂઆત મુશ્કેલ રહી પરંતુ, ધીમે ધીમે બધુ ગોઠવાતું ગયું. બાળકો પણ ભણવા લાગ્યા. તેમની વસાહતની નજીકની શાળામાં એમને દાખલ કર્યા. છ વર્ષ સુધી શાળા ચાલી.. દરેક બાળકના માતા-પિતા બાળકને વસાહતમાં જ ભણવા મૂકીને જવા લાગ્યા. બાળકો પણ

મોટા થતા ચાલ્યા. આપણે બે વર્ષ પહેલાં શાળા બંધ કરી. મૂળ તો શાળા શરૂ કરવાનો ઉદ્દેશ્ય પુરો થયો હતો એટલે. પરંતુ, શાળા બંધ થયા પછીના થોડો સમયમાં જ વાલીઓએ બાળકોને પોતાની સાથે લઈ જવાનું શરૂ કરી દીધું. બાળકો પાસે ભીખ પણ મંગાવે. આ સ્થિતિમાં બાળકોએ ફરિયાદ પણ કરી. આપણે વાલીઓને સમજાવ્યા પણ ખરા પણ કાંઈ ફરક નહોતો પડતો. આ દરમિયાન સંસ્થાના કાર્યકર શારદાબહેનના ઘરે વાડિયાગામનાં ૩૫ બાળકો ભણવા માટે આવી ગયા હતા. (આની વાત પણ આગળ જણાવીશું). શારદાબહેનનું ઘર નાનું અને આમાં આટલા બાળકો સમાય નહીં. આપણે જગ્યા ભાડેથી લઈને બાળકોને ત્યાં તબદીલ કરવાનું નક્કી કર્યું. જગ્યા નક્કી થયા પછી બાળકોનો સામાન તબદીલ થઈ રહ્યો હતો તે દરમિયાન હૉસ્ટેલની નવી જગ્યા પર ૩૦

નાથવાદી બાળકો પોતાના સામાન સાથે આવી ગયા. સામાનમાં તો ખભે ટીંગાડેલું દફતર અને બે જોડી કપડાં. 'અમારે ભણવું છે અમને પણ હૉસ્ટેલમાં રાખો.' હૉસ્ટેલની જગ્યા ખૂબ નાની. વાડિયાનાં ૩૫ બાળકો ઉપરાંત આ ૩૦ બાળકોને રાખવાનું મુશ્કેલ હતું. વળી બજેટ પણ ખોરવાઈ જાય. શું કરવું? બાળકોને સમજાવવાની કોશિશ કરી. નવા વર્ષથી તમારુ જુદું આયોજન કરીશું વગેરે વગેરે પરંતુ, બાળકોએ એક જ રટ લીધેલી, 'તમે જ ભણતા કર્યા છે અને અમારે પણ હવે ભણવું છે અમારા ઘરે રહીશું તો ભણી નહીં શકીએ..અમારે ભીખ નથી માંગવી..' વિચરતી જાતિના તમામ બાળકોનાં મોઢેથી આ સાંભળવા મળે એવું હંમેશાં ઈચ્છતા.

નાથવાદીનાં બાળકોની વાત સાંભળી તેમને હૉસ્ટેલમાં પ્રવેશ માટે ના ન પાડી શક્યા. ખર્ચની ચિંતા હતી પણ વિચરતા સમુદાયના કામોમાં સદાય સહાયભૂત થતા આદરણીય શ્રી ચંદ્રકાન્તભાઈ ગોગરી સહાયભૂત થશે તેવી શ્રદ્ધા હતી. તેમણે- આરતી ફાઉન્ડેશને બાળકોના ખર્ચની ચિંતા ન કરવા જણાવ્યું. આ બાળકો થરાદની જુદી જુદી શાળાઓમાં ભણી રહ્યા છે અને તેમની શાળામાં તેઓ અવ્વલ છે. વાડિયાનાં ૩૫ બાળકોમાંથી ૧૫ છોકરાઓને આપણે નાથવાદી બાળકો સાથે રાખ્યા જ્યારે ૨૦ દીકરીઓ શારદાબહેનના ઘરે રહીને જ ભણે છે.



*પિરામીડ બનાવતા આનંદ હોસ્ટેલ થરાદના બાળકો*

જૂન ૨૦૧૫માં હૉસ્ટેલમાં રહેનારા બાળકોની સંખ્યા ૭૦ ઉપર થશે અને તે માટેના ખર્ચ માટે નવનીત ફાઉન્ડેશનને વિનંતી કરી છે.



આનંદ હોસ્ટેલમાં ભણતાં બાળકો ભણવાની સાથે સાથે ટેકનિકલ બાબતોમાં પણ ખુબ હોશિયાર તેમણે કાગળમાં મોટર ફીટ કરીને હેલિકોપ્ટર બનાવ્યું અને હોસ્ટેલની મુલાકાતે આવેલાં શ્રી રશ્મીનભાઈ સંઘવીને સહર્ષ અર્પણ કર્યું.



## નરેશ ધો.૮માં ૯૩.૩૯ ટકાવારી સાથે પાસ થયો

નરેશ આનંદ છાત્રાલયમાં રહીને ભણે. પિતા હમીરનાથ પહેલાં સાપના ખેલ દર્શાવી લોકોના મનોરંજનની સાથે સાથે સાપની જાતોનો પરિચય આપવાનું એક અર્થમાં લોકશિક્ષણનું કામ કરતા પરંતુ, 'વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ' કાર્યાન્વીત થતા સાપના ખેલ પર પ્રતિબંધ આવી ગયો તે પછી આખાયે ગુજરાતમાં રહેતા વાદીઓમાંથી મોટાભાગના વાદી ભીક્ષાવૃતિમાં જોડાયા. હમીરનાથ પણ પરિવાર સાથે ભીક્ષાવૃતિ માટે ગામે ગામ વિચરણ કરવા લાગ્યા.



*ડાબેથી પ્રથમ - નરેશ. ત્રિકમ અને તેનો પરિવાર*

૨૦૦૮માં થરાદ શીવનગરની વસાહતમાં બાળકોને ભણાવવા માટે આપણે બાલઘર શરૂ કરેલું. નરેશ અને તેનો મોટોભાઈ ત્રીકમ બાલઘરમાં ભણવા આવે. ત્રીકમની ઉંમર વધારે હોવાથી તેના પિતાએ તેને ભણવાનું છોડાવી ભીક્ષાવૃતિ માટે સાથે લઈ જવાનું શરૂ કર્યું પરંતુ, વિ.એસ.એસ.એમ. ના કાર્યકર અને આ બાળકોના બાલદોસ્ત શારદાબહેનના સંસ્કાર મરી જવું પણ માંગવુ નહીં એ ત્રીકમે બરાબર પાળ્યા. ત્રીકમે ભીક્ષાવૃતિનો વિરોધ કર્યો. શારદાબહેને એને થરાદની એક દુકાનમાં કામે રખાવ્યો. સાથે સાથે માતા પિતા બાળકોને સાથે લઈને વિચરણ ના કરે - માંગવા લઈને ના જાય તેમ પણ ગોઠવ્યું.

પરિવારમાં નરેશ અને અજીત સૌથી નાના. બંને હોંશિયાર. મોટી બે બહેનો તો લગ્ન કરીને પોતાના સંસારમાં બરાબર ગોઠવાઈ ગયેલી. નરેશના પિતાને નરેશ ભણે કે ના ભણે કાંઈ ફરક ના પડે મૂળ તો આર્થિક સ્થિતિ નાજુક એટલે ભણતર પાછળ એક રૂપિયો ખર્ચવાની તૈયારી નહીં. થરાદમાં આનંદ છાત્રાલય શરૂ થયું અને નરેશ ભણવા આવ્યો અને ધો.૮માં ૯૩.૩૯ ગુણ મેળવ્યા. નરેશનું ટેકનીક જ્ઞાન પણ ખુબ જ સારુ છે. એને ખૂબ ભણવું છે જ્યારે એના પિતા કહે છે, મારી તાકાત નથી એને ભણાવવાની તમે ભણાવશો ત્યાં સુધી ભણાવીશ બાકી હરિ ઈચ્છા. વિ.એસ.એસ.એમ.ના કામોમાં મદદરૂપ થતા સૌ સ્વજનોના કારણે આવા તેજસ્વી બાળકોના જીવનમાં શિક્ષણરૂપી જ્યોત પાથરવામાં નિમિત બનવાનું થાય છે જે માટે સૌનો આભાર વ્યક્ત કરીએ છીએ.

## જ્યાં દરેક બાળકને પ્રેમ મળે કોઈ ભેદ ના હોય..

વર્ષ -૨૦૧૧માં સુરેન્દ્રનગર જિલ્લાનાં ડોળિયાગામમાં એક સંસ્થા દ્વારા સરકારી ગ્રાન્ટથી ચાલતી હૉસ્ટેલમાં વિચરતા સમુદાયની ૭ દીકરીઓને આપણે દાખલ કરી. આમ તો પરાણે દાખલ કરી એમ કહીએ તો ચાલે. હૉસ્ટેલના ગૃહમાતા કે વહીવટ કરનારાને આ દીકરીઓને રાખવાનું જરાય મન નહીં, પણ તે વખતે તેઓ ના ન પાડી શક્યા. પણ આ દીકરીઓ સાથેનો તેમનો વ્યવહાર ભેદભાવપૂર્ણ હતો. દીકરીઓ ત્રણ જ દિવસ રહી. સાથે તેમના બાલદોસ્ત ઈલાબહેન પણ હતા. ઈલાબહેન દીકરીઓ સાથે થઈ રહેલો વ્યવહાર જોતા હતા. ત્રીજા દિવસે દીકરીઓને મૂકીને એમને પરત આવવાનું હતું. તેમણે ફોન કરીને કહ્યું, 'દીકરીઓને મૂકીને આવવામાં મારુ મન નથી માનતું! આ લોકો તો આપણી આ દીકરીઓને સ્વીકારતા જ નથી. આવામાં આમના ભરોસે દીકરીઓને મૂકીને કેમ આવું?' ઈલાબહેન પાસેથી સર્વ સ્થિતિ જાણ્યા પછી આપણે દીકરીઓને પરત બોલાવી. વિચરતા સમુદાયો સાથે કામ શરૂ કર્યું તે અરસામાં એટલે કે વર્ષ ૨૦૦૬-૦૭માં પણ વિવિધ હૉસ્ટેલમાં દાખલ કરેલા બાળકો સાથે આવો જ વ્યવહાર હતો. એટલે જ એ વખતે પણ બાળકો હૉસ્ટેલમાં રહ્યા નહોતા, આજે એજ પરિસ્થિતિનું પુનરાવર્તન થઈ રહ્યું હતું. હવે શું કરવું તે પ્રશ્ન હતો. બાળકો સાથે કામ કરતા તમામ બાલદોસ્તોએ આપણી પોતાની જ હૉસ્ટેલ કરવાનું સૂચન કર્યુ. જ્યાં દરેક બાળકને પ્રેમ મળે કોઈ ભેદ ના હોય.. આ સૂચન આપણા કામોમાં મદદરૂપ થતા તમામ સ્વજનો સમક્ષ મુક્યું. સૌએ તે વધાવી લીધું અને ડોળિયામાં જ જૈન હિતવર્ધક મંડળની ભાડાની જગ્યામાં જ ૭ દીકરીઓથી હૉસ્ટેલની શરૂઆત થઈ. આજે તેમાં ૬૯ દીકરીઓ ભણી રહી છે. હૉસ્ટેલનો તમામ ખર્ચ 'જાયન્ટ ગ્રુપ ઓફ સેન્ટ્રલ મુંબઈ' એ ઉપાડી લીધો છે. જરૂર પડે આદરણીય શ્રી ચંદ્રકાન્તભાઈ ગોગરી પણ તેમાં સહાયભૂત થાય છે.

દીકરીઓ આપણી હૉસ્ટેલમાં રહે છે અને ભણવા ગામમાં આવેલી સરકારી શાળામાં જાય છે.





## ઋતુચક્રને અનુલક્ષીને દિવસો નક્કી કર્યા અને જન્મ દિવસની ઊજવણી શરૂ કરી

એક બાજુ એવા પરિવારો છે કે જેમના કુટુંબમાં બાળકના જન્મનો અવસર ગામમાં મીઠાઈ વહેંચીને ઊજવાય છે. જન્મની તારીખ યાદ રાખીને તેની દર વર્ષે ઊજવણી થાય છે અને તેમાં બાળકની ઉત્તરોત્તર પ્રગતિના આશીર્વાદ અપાય છે. જ્યારે બીજી બાજુ સદીઓથી વિચરણ કરતા આ પરિવારમાં વનવગડામાં, ગામના પાધરે, એકાદ આડશ પાછળ તબીબ સહાય કે દાયણની મદદ વગર એક વધુ જીવનો ઉમેરો થાય છે. હરખ તો અહીંયા પણ છે પણ મીઠાઈ સ્વરૂપે હરખ વ્યક્ત કરવા પૈસા નથી હોતા. બાળકના જન્મ્યાની તિથિ કે તારીખની યે ક્યાં ખબરે હોય. કેવણ ઋતુનું આછું સ્મરણ હોય. જે ગામમાં પડાવ હોય તે ગામની પંચાયતમાં જઈને તલાટી પાસે પોતાના વહાલસોયાની નોંધણી કરાવવાનીયે ખબર ના હોય અને હોય તોયે કઈ પંચાયત નોંધણી કરે? કારણ નોંધણી થાય તો ગામમાં રહેતા હોવાનો આધાર મળે એટલે જન્મતારીખ જ ના હોય. પહેલાં તો ભણાવવાનીયે ક્યાં ચિંતા હતી પણ હવે બાળકોને ભણાવવા છે અને એટલે શાળામાં દાખલ કરે છે.

શાળામાં દાખલ થનાર આવા વનવગડાંમાં જન્મેલા જેટલા પણ બાળકો હોય તે તમામની જન્મતારીખ શાળાના માસ્તર સરકારી નિયમ મુજબ ૧ જાન્યુઆરી કે ૧ જુન લખી દે. સંસ્થા દ્વારા કાર્યરત હૉસ્ટેલ અને બાલઘરમાં ભણતા ૬૦ ટકા ઉપરાંત બાળકોની જન્મતારીખ ઉપર જણાવ્યા પ્રમાણેની જ ૧ જુન. બાળક તો ખરાઈ કરતું નથી ૧ જુને સાચે જ એ જનમ્યા છે એમ એ માને. હૉસ્ટેલમાં ભણતા અમારા આ બાળકોના જન્મની અમે માનભેર ઉજવણી કરીએ. એ દિવસ બાળક માટે ખાસ દિવસ બની રહે તેની પૂરી કાળજી લઈએ. પણ અમે જેમના પણ જનમ દિવસ ઉજવીએ એ ૧૫ જુન પછી જનમેલા બાળકો કેમ કે હોસ્ટેલનું વેકેશન ૧૫ જુન પછી ખુલે. એટલે મોટાભાગના કિસ્સામાં સાચી જનમતારીખ વાળા બાળકના જનમ દિવસની ઊજવણી થાય અને ૧ જુન વાળા રહી જાય. કશું કહે નહીં પણ એક મૂંઝવણ એમને થાય... બાલદોસ્તોએ આ મૂંઝવણ જાણી અને વચગાળાના ઉપાય તરીકે તહેવાર, ઋતુચક્રને અનુલક્ષીને દિવસો નક્કી કર્યા અને જન્મ દિવસની ઊજવણી શરૂ કરી. જન્મદિવસની નવપલ્લવિત સવારે બધા બાળકો શુભેચ્છાઓની વર્ષા વરસાવે. બાળકને નવા વસ્ત્રો પહેરાવાય અને મધુર ગીતો વચ્ચે બાળક આવતી કાલનો સંકલ્પ લે.. ખૂબ ભણીશું.. આગળ વધીશું અને સૌના કલ્યાણમાં નિમિત્ત બનીશું...



*નેહાના જન્મ દિવસની ઊજવણીમાં તેનો પરિવાર પણ સામેલ થયો*



## અમારા માટે હૉસ્ટેલ કેમ નહીં?

દીકરીઓ માટે હૉસ્ટેલ શરૂ થયા પછી આપણા બાલઘરમાં ભણતી અને વિચરતી જાતિઓની વસાહતોમાંથી પણ ઘણી દીકરીઓ હૉસ્ટેલમાં ભણવા આવી ગઈ. એટલે વસાહતમાંથી છોકરાંઓ ફરિયાદ કરવા માંડ્યા, છોકરીઓ માટે જ હૉસ્ટેલ? અમારા માટે કેમ નહીં? ક્યારેક તો જવાબ આપવો મુશ્કેલ થઈ જતો હતો. આખરે બીજા વર્ષે છોકરાંઓ માટે હૉસ્ટેલ શરૂ કરી અને તેનો તમામ ખર્ચ આરતી ફાઉન્ડેશને ઉપાડી લીધો આજે ૭૫ બાળકો ત્યાં ભણે છે. જગ્યા નાની છે એટલે વધારે બાળકોને રાખી શકાતા નથી. પરંતુ, આ વર્ષે આ સમસ્યાના સમાધાનરૂપે બંકર બેડ વસાવવાનું આયોજન છે. સંસ્થાને મદદરૂપ થનાર દાતાઓનો સહયોગ આ કામમાં મળશે એવી શ્રદ્ધા છે.

આગામી દિવસોમાં અમદાવાદની નજીક ઉવારસદ ગામમાં 'સદ્‌વિચાર પરિવાર'ની જગ્યામાં બાળકો માટે હૉસ્ટેલ નિર્માણનું આયોજન છે. 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'ની મદદ આ કામમાં મુખ્યત્વે હશે. પછી જેટલા બાળકોને ભણવું હશે તેટલા બાળકોને આપણે ભણાવીશું અને સંસ્થાના કામોમાં સહયોગી થતા દાતાઓ આ કામમાં ચોક્કસ સહયોગ કરશે તેવી શ્રદ્ધા પણ છે.

## તાલુકા કક્ષાએ આયોજિત ચિત્ર સ્પર્ધામાં પ્રથમ–ધવલ બજાણિયા



*ધવલ ચિત્ર સ્પર્ધા જીત્યાં પછી મળેલાં ઈનામ સાથે*

રાધનપુરમાં બજાણિયા સમુદાયના આગ્રહથી બજાણિયા સમુદાયના બાળકો માટે હૉસ્ટેલની શરૂઆત કરી. સમુદાયના લોકો પણ સહયોગ કરે.૧૬ બાળકો તેમાં ભણે. તેમાં હારીજનો વતની ધવલ બજાણિયા ધો.૮માં ભણે. ધવલના માતા મેનાબહેન વિધવા. મેનાબહેનને આમ ત્રણ દીકરા જેમાંનો ધવલ સૌથી નાનો. બે મોટા દીકરા પરણીને અલગ રહ્યા. મજૂરી કરીને પોતાનું ગાડું ગબડાવે એવામાં મેનાબહેન કહે છે એમ 'એમનું કરી લે એટલે બસ. મારું અને ધવલનુંતો હું કરી લઈશ.' ધવલ ભણવામાં હોશિયાર એટલે એનો ભણાવવાની મેનાબહેનને હોંશ.

ધવલ ભણવામાં હોશિયાર તો ખરો સાથે સાથે ચિત્ર સ્પર્ધામાં પણ તાલુકા કક્ષાએ પ્રથમ આવ્યો. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ આવેલા ધવલની આ સફળતા એના સમાજના અન્ય બાળકો માટે પણ પ્રેરણારૂપ સાબિત થઈ છે.

રાધનપુરમાં ચાલતી આપણી આ હૉસ્ટેલમાં બજાણિયા સમુદાયના જ શ્રી સોમાભાઈ જેઓ શિક્ષક છે તેઓ વિનામૂલ્યે બાળકોને નિયમિત ભણાવવા આવે છે અલબત આ હૉસ્ટેલની ઘણી ખરી વહીવટી જવાબદારી પણ તેઓ નિભાવી રહ્યા છે.

જૂન ૨૦૧૪માં રાધનપુરમાં હૉસ્ટેલ શરૂ કરી પણ થોડા મોડા પડ્યા. એટલે જેટલા બાળકો હૉસ્ટેલમાં ભણવા આવ્યા તે તમામને રાધનપુરની શાળામાં પ્રવેશ ના મળ્યો અને હૉસ્ટેલ ૧૬ બાળકો પૂરતી સીમિત રહી. આ વર્ષે (જૂન - ૨૦૧૫)સંખ્યા ૫૦ ઉપરાંત થશે પણ અગમ ચેતીરૂપ આ વખતે દરેક બાળકનું શાળામાં એડમીશન થઈ જાય તેનો પણ ખાસ ખ્યાલ રાખવાનો છે. આ હોસ્ટેલનો ખર્ચ આરતી ફાઉન્ડેશન આપે છે.



બજાણિયા સમાજે પોતાના સમાજના બાળકોના શિક્ષણ માટે ચિંતા કરી અને હોસ્ટેલ શરુ કરી. બાળકો પાછળ થતાં ખર્ચમાં એ સહભાગી બને તો આ સમાજના શિક્ષિત યુવાનો વિનામુલ્યે બાળકોને ભણાવે અને એમની કાળજી કરે.



*જેમની મહેનતથી આ બધું શક્ય બન્યું એવા વિ.એસ.એસ.એમ.ના બાલદોસ્ત શારદાબહેન અને મોહિત સાથે આનંદ હોસ્ટેલના બાળકો*

## વાડિયાની દીકરીઓ માટે અમદાવાદમાં હૉસ્ટેલ વ્યવસ્થા

વાડિયા જે એક સમયે દેહવ્યાપાર કરનારી બહેનોના નામે ઓળખાતું. હવે આ ગામની છાપ બદલાઈ છે. બાળકોને અભ્યાસ અર્થે બહાર મોકલવાનું ગામનાં લોકોએ શરૂ કર્યું છે. ચંદ્ર, ઈન્દ્ર, સેંધો, રાજેન્દ્ર વગેરે બાળકો ખૂબ જ સારી સંસ્થાઓમાં ખૂબ જ સારો અભ્યાસ કરી રહ્યા છે. આ બાળકોમાં આવેલા પરિવર્તનથી ગામમાં જુદા જ પ્રકારની હરિફાઈ ઊભી થઈ છે. અત્યાર સુધી ગામમાં ગ્રાહકોને લઈને થતા ઝઘડાની જગ્યાએ હવે અમારાં બાળકોને પણ તમે ભણાવો એવું વાતાવરણ નિર્માણ પામ્યું છે. જે પરિવારોએ દેહવ્યાપારને તીલાંજલી આપી છે તે પરિવારો તો પોતાના બાળકોને ભણાવે છે પરંતુ, જેમના પરિવારમાં હજુ પણ દેહવ્યાપાર ચાલે છે તેવા પરિવારો પોતાના બાળકો, તેમાંય દીકરીઓને ભણાવવાની વાત કરી રહ્યા છે. જે આમ તો આશ્ચર્યજનક પણ આશાસ્પદ છે.

દીકરીઓના શિક્ષણ માટે તો ગત વર્ષે અમદાવાદમાં વ્યવસ્થા કરવાની હતી. પણ અમે તે કરી ન શક્યા. આખરે સંસ્થાના કાર્યકર શારદાબહેનના ઘરે ૨૦ દીકરીઓ અને ૧૫ દીકરાઓ ભણવા માટે આવી ગયા. તેમને થરાદની શાળામાં દાખલ કર્યા. પણ દીકરીઓનું આ રીતે ભણવું દલાલોને ગમે નહીં. થોડું દબાણ પણ ખરું. આ બધી મુશ્કેલીના નિવારણરૂપે અમદાવાદમાં દીકરીઓની વ્યવસ્થા કરવાનું નક્કી કર્યું છે. મા-બાપ પણ આજ ઈચ્છે. જૂન ૨૦૧૫થી ૩૫ થી ૪૦ જેટલી દીકરીઓ અમદાવાદ ભણવા આવશે તેમના ખર્ચની જોગવાઈ વિચારવાની છે.. પણ બધું થઈ પડશે એવી શ્રદ્ધા છે. હોસ્ટેલ બાંધકામમાં ૯.૩૦ લાખ એમ્પથી ફાઉન્ડેશને આપ્યા છે. જેમના અમે આભારી છીએ. આ દીકરીઓના ભણતરમાં મદદરૂપ થવા વિનંતી.



## ચંદ્ર અમારા માટે આશાનું કીરણ છે...

વાડિયામાં રહેતાં બાળકો નાની ઉંમરમાં પરિપક્વ થઈ ગયેલાં. ગામમાં પ્રાથમિક શાળા ખરી પણ ભાગ્યેજ ખુલે. શિક્ષકોને આ ગામમાં નોકરી મળે એ સજા લાગે એટલે બાળકો પાછળ મહેનત ના કરે અને બાળકો તથા એમનાં વાલીઓને પણ બાળકોના ભણતરની કે ભવિષ્યની જરાયે ચિંતા નહીં. ૨૦૦૭-૦૮માં અમે એક સાથે ૪૦ બાળકોને વિવિધ આશ્રમશાળામાં દાખલ કર્યા પણ મોટાભાગના બાળકોને ત્યાં ફાવ્યું નહીં. કેટલીક આશ્રમશાળામાં આપણે કહ્યું એટલે આ બાળકોને શાળામાં પ્રવેશ આપ્યો પણ બાળકો સાથેનો વ્યવહાર બરાબર નહોતો.. તો કેટલીક જગ્યાએ વાડિયાના બાળકો અમારુ વાતાવરણ ખરાબ કરી નાખશે એમ કહીને બાળકોને રાખવાની ના પાડવામાં આવી. આ બધામાં ચંદ્ર નામનો બાળક સિદ્ધપુર સ્થિત યોગાંજલી આશ્રમમાં ટકી ગયો અને ત્યાં ધો. ૧૦ સુધી ભણ્યો. ધો.૧૧ અને ૧૨ એણે સિદ્ધપુરમાં જ સ્વામીનારાયણ ગુરુકુળમાં રહીને પુરુ કર્યું. તે પછી બી.બી.એ.માં એણે પ્રવેશ મેળવ્યો. હાલ તે બી.બી.એ.ના છેલ્લા સેમિસ્ટરમાં અભ્યાસ કરી રહ્યો છે. સાથે સાથે એમ.બી.એ. ની તૈયારી પણ કરે છે. તેનો ભણવાનો તમામ ખર્ચ અમદાવાદના શ્રી ઊજમશીભાઈ ખાંદલા - મોનાર્ક બિલ્ડર્સે ઉપાડી લીધો છે. ચંદ્ર અમારા માટે આશાનું કીરણ છે. બાળકો ભણશે તો જ ગામમાં બદલાવની ઝંખના છે તે આવી શકશે એવું અમારુ માનવું છે. ચંદ્રથી શરૂ થયેલી સફરમાં એના પરિવારના અન્ય બાળકો પણ જોડાયા અને જુદી જુદી હૉસ્ટેલમાં રહીને ભણી રહ્યાંછે.



## સ્વામીનારાયણ ગુરુકુળ – હરિયાળામાં અને સેન્ટ ઝેવીયર્સ સ્કૂલ ડીસામાં વિચરતા પરિવારના બાળકો..





મુંબઈમાં રહેતા આદરણીય શ્રી ચંદ્રકાન્તભાઈ માટલિયા અને પુના સ્થિત જીતુભાઈ અને તેમના મિત્રો શ્રી વિનુભાઈ ભગત, શ્રી અભય ભગત, શ્રી કલ્પાબહેન શાહ વગેરેએ મળીને વિચરતા પરિવારના ૧૨ વિદ્યાર્થીઓને ઉપર્યુક્ત સંસ્થાઓમાં ભણવા માટે દાખલ કરવાથી લઈને તેમની ફીની તમામ જવાબદારી સ્વીકારી. આપ જેવા સ્વજનોનો કારણે જ આ બધું કામ થઈ શકે છે ખૂબ ખૂબ આભાર..

## એક સ્ત્રી કે પુરુષના બેથી ચાર વાર લગ્ન અને છૂટાછેડા થવાની ઘટના જ્યાં સામાન્ય છે તેવા સમાજમાં શિક્ષણની જ્યોત પ્રગટી

યશ પાટણ જિલ્લાના વણોદ ગામનો વતની. કનુભાઈ બજાણિયાના ચાર સંતાનોમાં સૌથી મોટો યશ અને તેના પછી ત્રણેય બહેનો નાની. યશની મમ્મીને તેના પિતા સાથે અણબનાવ થતા તેણે છૂટાછેડા લઈ લીધા અને બાળકો કનુભાઈ સાથે રહ્યા. ભણવામાં તેજસ્વી યશને આપણે હરિયાળા ગુરુકુળમાં ભણવા દાખલ કર્યો. ગુરુકુળમાં આયોજીત વિવિધ સ્પર્ધામાં અને ભણવામાં યશ અવ્વલ છે . માતા મૂકીને ગઈ તેનાથી એ ખૂબ પરેશાન હતો પણ કનુભાઈની હૂંફથી તે સ્વસ્થ થયો. બજાણિયા સમાજમાં બાળલગ્નનું અને છૂટાછેડાનું પ્રમાણ વધારે. પતિ -પત્ની કેટલો સમય સાથે રહેશે તે નક્કી નહોવાના કારણે સ્ત્રીઓ કુંટુંબ નિયોજન ન અપનાવે. વળી એક સ્ત્રી કે પુરુષના બેથી ચાર વાર લગ્ન અને છૂટાછેડા થાય તો પણ આ ઘટના આખા સમાજ માટે ખૂબ સામાન્ય ગણાય.પણ આ બધાની વિપરીત અસર બાળકો પર થાય. બાળક થયા પછીના છૂટા-છેડામાં બાળક કોની સાથે રહેશે તે નક્કી ન થાય. બાળકને દાદા-દાદી કે નાના-નાની પોતાની પાસે રાખે અને મા-બાપ બીજે લગ્ન કરે.. કનુભાઈએ બાળકોની જવાબદારી સ્વીકારી.યશ ગુરુકુળમાં અને તેમની બંને દીકરીઓ આપણી ડોળિયા હૉસ્ટેલમાં ભણે છે. કનુભાઈ કહે છે એમ, 'મારા સમાજને આ બધી નિરક્ષરતામાંથી બહાર લાવવો છે. મારા બાળકોને સારુ ભણાવી સમાજમાં ઉદાહરણરૂપ બનાવવા છે.કોઈ પણ બાળકનું બાળપણ મા વગરનું ના જાય તે માટે સમાજમાં જાગૃતિ આવે તે માટે પણ પ્રયત્ન કરુ છું. જેમાં મારા બાળકો આધાર બન્યા છે.'





## લોબડી આયી થી લઈને ટીચર આવ્યા સુધીની સફર.

રામોલ રોડ પર એક અવાવરા જનતા પ્લૉટમાં આડેધડ ઉગેલાં બાવળિયામાંથી સ્કૂટી લઈ છાયા મીર વસાહતમાં પ્રવેશે કે ચોતરફ શોરબકોર મચી જાય. ટાબરાઓ ‘લોબડી’ આયી હેંડો એવી બુમો પાડી ભેગા થાય અને એક ખુલ્લી જગ્યામાં, બાળકોનો ઝાડ નીચે વર્ગ શરૂ થાય. વર્ગમાં બ્લેકબૉર્ડ નહીં કે ખુરશી ટેબલ નહીં. બાળકોને ભણવાને બદલે ખંજરી, ઢોલ વગાડવામાં અને ગીતો ગાવામાં - નૃત્યમાં ભારે રસ. એટલે ચાર કલાકમાં રમતો, ગીતો જામતા જાય. છાયાબહેને આ બધાની વચમાં આંગલીઓ વડે સંકેત દ્વારા એક, બે, ત્રણ શીખવવું શરૂ કર્યું. ત્યાં તો સાદ પડે ટેન્કર આયુ (પાણી આવ્યું).. બસ પછી તો આખી નિશાળ પાણી ભરવા જતી રહે.. આમ નિશાળ ચાલતી રહી.

આજે છાયાબહેન પ્રવેશે કે શોરબકોર થાય છે.. ટીચર આવ્યા, ટીચર આવ્યા.. અને ક્યારેક તો છોકરાં છાયા પહેલાં એમની તંબુશાળામાં દફતર લઈને ભણવા આવી જાય છે.. આ શાળામાં ભણતા બધા જ બાળકો ખૂબ ભણશે તેવું નથી થવાનું. સરકારના નિયમ પ્રમાણે બાળકની ઉંમર પ્રમાણે તેને જે તે ધોરણમાં બેસાડવાનું. આમ ૧૪ વર્ષનું બાળક સીધું ધો.૮માં આવે. જે અન્ય બાળક સાથે હરીફાઈ નથી કરી શકતું અને સરકાર તેને ધો.૮નો દાખલો આપી દે છે. આ બધી મુશ્કેલીઓ છે, પણ આપણે બાળકોને સારુ ભવિષ્ય આપવાનો પ્રયત્ન કરવાનો છે.

આ શાળાને કાલુપુર બૅન્કના ચેરમેન શ્રી નવનીતભાઈ પટેલ અને ભૂતપૂર્વ ચેરમેન ડૉ દિનેશભાઈ અમીને દત્તક લીધી છે. તેમના અમે આભારી છીએ.



## બાલઘરની સાથે સાથે...

ટાગોર બાલઘરનાં બાળકોને ભણતા કરવાના કામની સાથે સાથે તેમના વાલીઓને પણ આ દેશનાં નાગરિક તરીકેના તમામ અધિકારો મળે તે માટે બાલદોસ્તો છાયા સતત પ્રયત્નશીલ છે. કોઈ પણ વ્યક્તિ પાસે પોતાની ઓળખના કોઈ આધારો નથી તેવા સંજોગોમાં તેમના મતદારકાર્ડ, આધારકાર્ડ કે અન્ય પુરાવા કઢાવવા કેટલા મુશ્કેલ છે તે આપણે જાણીએ છીએ. પણ સંસ્થાની મદદથી મીર પરિવારોના ૫૦ પુખ્તવયના લોકોને મતદારકાર્ડ અને આધાર કાર્ડ મળી ગયા છે. રેશનકાર્ડમાં તકલીફ છે પણ આરંભ્યું છે તો પાર પડવાનું જ છે તેવી શ્રદ્ધા પણ છે..



*બાલઘરમાં આવતા બાળકોના વાલીઓ તેમને મળેલા ઓળખના આધારો સાથે...*

## અમારી શાળા અમને તો અહીંયા જ ભણવું ગમે..



*મૈત્રી શાળાના બાળકો તેમની નટખટ અદામાં*

ડીસાની સોસાયટીમાં ઠામણામાં ખાવાનું માંગતા છોકરાંઓને ઊભા રાખીને મહેશે પૂછ્યું ‘કોના છોકરાંઓ છો? અને આ રીતે ભીખ કેમ માંગો છો? નિશાળમાં નથી જતા?’ જવાબ મળ્યો, ‘હ્રરોણિયાના સોકરાં સીએ, ભૂખ લાગી હ્, એટલે ખાવાનું મોંગીએ હીએ. નેહાળ જઈએ તો મોંગે કોણ?’ વેલુનગરમાં સરાણિયા પરિવારોએ પડાવ નાખેલો અને એમના આ છોકરાં માંગીને ખાવાનું લઈ જાય અને પરિવાર જમે.. પુરુષો છરી -ચપ્પાની ધાર કાઢવાનું કામ કરે પણ એમાં ખાસ મળતર નહીં એટલે માંગવું પડે. મહેશે છોકરાંઓને ભણાવવાનું શરૂ કર્યું. તકલીફ ખૂબ પડી. પણ ધીમે ધીમે ગોઠવાતું ગયું.

સરાણિયા પરિવારોને નાગરિક તરીકેના તમામ અધિકાર મળે તે માટે આપણે પ્રયત્નો કર્યા. તેમના ઘરો પણ બન્યા. બાળકો ભણી રહ્યા છે. પણ વાલીઓ જાગૃત નથી એટલે પ્રશ્નો પણ ઉપસ્થિત થાય છે. મહેશ કહે છે એમ, ‘છોકરાંઓની પરીક્ષા હોય એવા

વખતેય બાળકોના વાલી પૂછ્યા વગર કામ ધંધે છોકરાંઓને ૧૦- ૧૫ દિવસ માટે લઈ જાય એટલે આખા વરસની મહેનત ઉપર પાણી ફરી વળે. નાની વયમાં પરણાવી દેવાનું પણ કરે. આપણી જાણ બહાર જ બધું ગોઠવી દે.. મારા છોકરાંઓ એટલા બધા હોશિયાર છે એમના મા-બાપ સમજે અને શાંતિથી ભણવા દે તો.. આ ક્યાંય પહોંચે.. મારું સ્વપ્ન છે બધાને ધો.૮ થી ધો.૧૦ સુધી તો પહોંચાડીશ પણ બે છોકરાંઓ તો મારે સ્નાતક સુધી લઈ જ જવા છે. આ મારું સ્વપ્ન છે.'

બાળકો ખૂબ જાગૃત છે.જે સરકારી શાળામાં તેઓ ભણવા જાય છે ત્યાં તેમનો દેખાવ પણ સારો છે.. ભણવા ઉપરાંત આ બાળકો સંગીતમાં નિપુણ. પણ જે શાળામાં એમને દાખલ કર્યા ત્યાં તેમને પ્રાર્થનામાં ઢોલક વગાડવા ઉપરાંત પ્રાર્થના ગવડાવવાની કોઈ દિવસ તક ના મળે. બાળકોએ મહેશને ફરિયાદ કરી. મહેશે શાળામાં જઈને વાત કરી પણ કોઈ ફેર નહીં. આખરે મહેશે એક દિવસ તમામ બાળકોને ઢોલક વગાડતા વગાડતા અને બાળગીતો ગાતા ગાતા શાળાએ મોકલ્યા. વસાહતથી શાળા સુધીના અંતરમાં તો લોકોને કુતુહલ થયું. બાળકોનો સંઘ શાળાએ પહોંચ્યો અને ગાવા અને વગાડવાનું ચાલુ રાખ્યું. આચાર્ય આવ્યા અને તેમણે બાળકોને પ્રાર્થનામાં તક આપીશું, હવે આ બંધ કરીને વર્ગમાં જઈને બેસો એમ કહેવું પડ્યું.

આ બાળકોની શાળાનું નામ મૈત્રી શાળા. મુંબઈના આદરણીય શ્રી ચંદ્રવદનભાઈ શાંતીલાલ શાહે તેને દત્તક લીધી. જેમના અમે આભારી છીએ.

## બાલઘરની સાથે સાથે...



મૈત્રી બાલઘરનાં વાલીઓ સામાન સાથે ખુબ રખડ્યા. પરિચયમાં આવ્યા ત્યારે તેમની પાસે પણ ઓળખના આધારો નહોતા. પોલીસ પણ ખુબ હેરાન કરતી. મુળ ચપ્પુ બનાવે એટલે હથિયાર રાખો છો એવો ખોટો ઘાટ ઘડીને પોલીસ ઉપાડી જતી અને પુરાવા તો હતા જ નહીં આથી શાની ઓળખ આપવી તે પ્રશ્ન હતો. મન પડે એટલો સમય જેલમાં રાખે અને પછી છોડી દે.. આ પરિવારોને સંસ્થાની મદદથી મતદારકાર્ડ, અંત્યોદય રેશનકાર્ડ(જેમાં અનાજનો જથ્થો વધારે મળે છે), આધારકાર્ડ, રહેવા માટે પ્લૉટ મળ્યો અને સરકાર અને ઉદારદીલ દાતઓની મદદથી ૫૬ પરિવારોના ઘરો પણ બંધાયા.. મૈત્રી બાલઘરના બાળકો પોતાની પેઢીમાં પહેલાં છે જેઓ પોતાના અને તે પણ પાકા ઘરમાં રહેવા ગયા. ફોટોમાં બાલઘરમાં આવતા બાળકોના વાલીઓ તેમના પોતાના ઘર અને ઓળખના આધારો સાથે...



## એક પણ બાળક શાળામાં જતું નહોતું એની જગ્યાએ આ વર્ષે જાનુનાથે ધો.૧૦ની પરીક્ષા આપી..



બનાસકાંઠાનાં ધનિયાવાડામાં નાથવાદી અને વાંસફોડા વાદીની વસાહત ગામથી ૩ કી.મી.ના અંતરે. બાળકોને શાળામાં જવાનું મુશ્કેલ પડે. વળી મા- બાપ પણ કામ ધંધા માટે બહાર જાય તે વખતે બાળકોને પોતાની સાથે લઈ જાય.એટલે શાળા સાથે એમને ખાસ લેવા દેવા જ નહીં એમ કહીએ તો ચાલે. આપણે ત્યાં બાળકોને ભણાવવાનું શરૂ કર્યું. બાળકોનાં નામ શરૂઆતમાં તો ગામની પ્રાથમિક શાળાના આચાર્યે દાખલ કરવાની જ ના પાડી. વસાહતથી અંતર વધારે હોવાના કારણે અને કામ ધંધા માટે આ પરિવારો વિચરણ કરતા રહેતા હોવાના કારણે બાળકો એક વખત શાળામાં દાખલ થઈ જાય પછી નિયમિત શાળાએ જાય જ નહીં અને સતત ગેરહાજર રહે જેનાથી આચાર્યને મુશ્કેલી થાય એટલે એ દાખલ કરવાની ના પાડે. આપણે જબરજસ્તીથી બાળકોને દાખલ કરાવ્યા અને ફરજિયાત શિક્ષણ ધારો અમલી બન્યો એટલે આ બાળકોને તેમના રહેઠાણના સ્થળેથી શાળાએ લાવવા અને લઈ જવા વાહનની વ્યવસ્થા કરવાની માંગ કરી. ગામને આ પરિવારોનો વસવાટ જ ગમે નહીં એમાં અધિકારની વાત આવે એ તો ક્યાંથી ગમે. ખૂબ સંઘર્ષ થયો. ગાંધીનગર સુધી રજૂઆત કરી. છેવટે જિલ્લા વહીવટી તંત્રને 'વાહનની વ્યવસ્થા નહીં કરો તો ધનિયાવાડાથી ચાલતા પાલનપુર આવીશું' એવી લેખિતમાં અરજી આપી અને



*પારસ બાલઘરના બાળકો અને તેમની પાછળ તેમને સ્કૂલે લઈ જવા માટે કરેલી વાહન વ્યવસ્થા*

થોડા જ દિવસમાં વાહન શરૂ થઈ ગયું. વસાહતમાંથી વાલીઓ કામ ધંધા માટે વિચરણ કરે છે પણ એક પણ બાળકને સાથે લઈને જતા નથી. બાળકો માટે તેમણે પોતાની રીતે વ્યવસ્થા ગોઠવી છે. દરેક બાળક શાળામાં નિયમિત જાય છે, આ બાળકો ભણે છે તેનું ધ્યાન બાલદોસ્ત સંગીતા રાખે છે. એક પણ બાળક ડ્રોપ આઉટ થયું નથી. નાથવાદી સમુદાયની શિક્ષણ લઈ રહેલી આ પહેલી પેઢી છે..

એક પણ બાળક શાળામાં જતું નહોતું એની જગ્યાએ આ વર્ષે જાનુનાથે ધો.૧૦ની પરીક્ષા આપી. તે રમતગમતમાં પણ સારું પ્રદર્શન કરે છે. જિલ્લાની સ્પર્ધામાં તો ઘણી વખત પ્રથમ આવ્યો છે. જાનુનાથને આઈ.ટી.આઈ. કરવું છે અને ઝડપથી કમાતા થવું છે જેથી પોતાના પરિવારને મદદરૂપ થઈ શકે.

## બાલઘરની સાથે સાથે...



બાલઘરમાં આવતા બાળકોના વાલીઓ તેમના પોતાના ઘર અને ઓળખના આધારો સાથે ...



પારસ બાલઘરનાં બાળકોના માતા – પિતાને પણ પોતાની ઓળખના આધારો મેળવવા માટેનો પ્રશ્ન હતો. વળી આખું ગામ તેમના વસવાટનો વિરોધ કરે.. આવામાં થોડી સમજાવટ અને થોડી કુનેહ વાપરી વસાહતના તમામ પરિવારોને આ દેશનાં નાગરિક તરીકેના તમામ આધારો તો અપાવ્યા સાથે સાથે તેમને પ્લૉટ મળ્યા અને તેના ઉપર ૨૨ પરિવારોએ સુંદર ઘર ઉભા કર્યા... આ બાળકોની આ પહેલી પેઢી છે જે પોતાના પાકા ઘરમાં રહેવા ગઈ છે.





મસ્તી બાલઘરના બાળકો બાલદોસ્ત તોહીદની સાથે

## ડફેર તરીકેની છાપ ભૂંસવી છે.

'અમારે વળી ભણીને શું કરવાનું.. મતદારકાર્ડ, રેશનકાર્ડ, સરનામું મળે એ કરોને. પોલીસની બીક ભાંગે અને અમને ખાલી ખાલી રંજાડે નહીં એમ કરોને.. છોકરાં તો ભણશે એની રીતે..' વિજાપુર ડફેર વસાહતમાં શાળા શરૂ કરવાનું નક્કી કર્યું ત્યારે વસાહતના વાલીઓએ આ જવાબ આપ્યો હતો. વળી ડફેર સમુદાયની છાપ એટલી ખરાબ કે તેમના બાળકોને ભણાવવા કોઈ તૈયાર નહીં. એક શિક્ષક મળ્યા પણ એમને જેવી ખબર પડી કે આ ડફેર તો લૂંટ કરતા એટલે એમણે કામ કરવાની ના પાડી. તે પછી તોહીદ મળ્યો.. તોહીદને બાળકો અને તેમના મા-બાપની ઉપર અપાર લાગણી.. વઢીને સમજાવીને છોકરાંઓને બે -ત્રણ કલાક ભણાવે અને સરકારી શાળામાં ભણવા મોકલે. છોકરાં ભણશે તો નાગરિક તરીકેના તમામ અધિકાર મળશે એ બરાબર સમજાવ્યું. બાળકોને સરકારી શાળામાં દાખલ કરવામાં પણ ભારે લડાઈ લડવી પડી. શાળા તૈયાર નહીં એટલે તોહીદે જિલ્લા શિક્ષણ અધિકારીથી લઈને સૌને લખ્યું અને વિવિધ મીડિયાકર્મીઓને શાળા સામે ઊભા કરી દીધા. આખરે પ્રવેશ મળ્યો. બાળકોની ટીખળ વૃતિને ધ્યાને લઈને આ શાળાનું નામ જ મસ્તી પાડ્યું.

પણ તોહીદ કહે છે એમ કામ કપરુ છે. વાલીઓ વર્ષમાં બે -અઢી મહિના કામ ધંધે બહાર જાય ત્યારે છોકરાંઓને લઈને જતા રહે છે. હું દબાણ કરુ એટલે નહીં લઈ જઈએ એમ કહે, પણ હુ સવારે ૮:૦૦ વાગે પહોંચું એ પહેલાં તો નીકળી જ જાય. આનો રસ્તો સૂઝતો નથી.૩૨ બાળકોની સંખ્યા છે. તેમાં ૧૨ બાળકો વર્ષના બે -અઢી મહિના મા-બાપ સાથે જતા રહે છે. જો કે બાળકો પોતે પણ મા-બાપનો વિરોધ કરતા થયા છે પણ એમનો વિરોધ કેટલો ચાલે.. બાળકોને સરકાર દ્વારા સ્કોલરશીપ મળે જે બૅન્કમાં તેમના ખાતામાં જમા થાય છે. બાળકોએ આ નાણાં પોતાના મા-બાપને ઉપાડવાની સ્પષ્ટ ના પાડી છે. અલબત આ ખાતામાં પોતાની



પૉકેટ મનીમાંથી થોડીક રકમ જમા કરાવવાનું તેઓ કરે છે જેથી ઉચ્ચ અભ્યાસ માટે આ રકમ કામ આવે...

નથ્થુભાઈ ડફેરનો દીકરો હુસેન ધો.૬માં ભણે. પોતે મજૂરી કરે છે છોકરાંને ભણાવવા માટે થઈને તેઓ વિજાપુર છોડીને ક્યાંય જતા નથી. ટ્રેક્ટર ચલાવવાનું કામ કરે અને તે ના મળે ત્યારે મજૂરી કરે. એમની ઈચ્છા છે પોતાના દીકરાને વધારે સારુ ભણાવવાની અને ડફેર તરીકેની છાપ ભૂંસવાની..

રાજ્ય સરકારે જેમને અતી પછાત જાતી તરીકે જાહેર કર્યા છે. તેવા ડફેરને પછાતપણામાંથી બહાર લાવવા માટેના નોંધપાત્ર પ્રયાસો આજ દિન સુધી થયા નથી. આ સમુદાયની પણ આ પહેલી પેઢી છે જે ભણી રહી છે. સંસ્થાગત રીતે કહીએ તો હજુ ઘણું કરવાનું બાકી છે..

*બાળકો ક્યારેય હાથમાં ચોપડી નહોતાં લેતાં ત્યાં હવે શાળામાંથી ભણીને આવ્યા પછી તુરત પોતાનું ગૃહકાર્ય કરવા બેસી જાય છે.. આ બાળકો જે સ્થિતિમાં રહે છે , એ ફોટોમાં જોઈ શકાય છે*

## બાલઘરની સાથે સાથે...



*બાલઘરમાં આવતા બાળકોના વાલીઓ તેમને મળેલા ઓળખના આધારો સાથે...*

ડફેરોના ડંગામાં તે જવાય! એમનો ડંગો જે દિશામાં હોય તે દિશામાં ચાલવાને પણ જોખમ એવું સમજનાર લોકોને બાલદોસ્ત તોહીદે ખોટા ઠેરવ્યા. નહીં તો પોલીસ માટે ડફેરોને પકડીને લઈ જવા ખુબ સહેલા અને ઓળખના કોઈ પુરાવા ન હોય એટલે ગમે તેના નામનો ગુનો ડફેર પર ઠોકી દેવાય.. ડફેરહોવાના કારણે વેઠવી પડતી પારાવાર મુશ્કેલીના કારણે પોતાની જાત પણ ડફેર પરિવારો છુપાવે. આમાં તેમને ઓળખના આધારો અપાવવા મુશ્કેલ હતા પણ તોહીદની સતત મહેનતના કારણે મતદારકાર્ડ થી લઈને રેશનકાર્ડ અને બીજુ પણ ઘણું આ પરિવારોને મળ્યું. હાલમાં તેમને પ્લૉટ અને ઘર મળે તે માટેની કામગીરી ચાલી રહી છે. ડફેરને ભાગ્યેજ કોઈ ગામ સામે ચાલીને પોતાની પાસે રાખવા તૈયાર થાય એટલે આ કામ સૌથી મુશ્કેલ છે છતાં આ કામ પણ સુખરૂપ પાર પડશે તેવો અમને વિશ્વાસ છે.



## અમારા બાળકોને ભણાવોને બેન...

અમારા બાળકોને ભણાવોને બેન... વિચરતી જાતિના લોકો જ્યારે આવું કહે ત્યારે કેટલો આનંદ આવે.. આમ તો કલ્પના જ ના થાય. પણ વાંકાનેરના સલાટ સમુદાયના લોકોએ આ વિનંતી કરી અને રીનાએ સરસ્વતી બાલઘર શરૂ કર્યું. દરેક બાળક ખૂબ મહેનત કરે. વાલીઓનો પણ પૂરો સહયોગ એટલે કોઈ પણ અડચણ વગર શાળા ચાલે. ધીમે ધીમે વાલીઓએ જ બાળકોને ખાનગી શાળામાં પ્રવેશ અપાવ્યો. બાલઘર અને શાળા સિવાયના સમયમાં પોતાના બાળકોનું ફી આપીને ટ્યુશન રાખવા વાલીઓ રીનાને વિનંતી કરવા લાગ્યા. રીનાએ તેની જરૂર નથી એમ કહીને ટાળ્યું. પણ વાલીઓ પોતાનું બાળક ખૂબ ભણે તેમ ઈચ્છતા હોઈ અન્ય શિક્ષક પાસે ટ્યુશન વ્યવસ્થા કરી.

આપણા દ્વારા ચાલતી વૈકલ્પિક શાળાઓમાંથી એક પણ શાળામાં શિક્ષણ પ્રત્યે આટલી રુચી દાખવનાર બાળકો કે મા-બાપ અમે નહોતા જોયા. રીનાએ બાળકોને ધોરણ પ્રમાણે તૈયાર કરાવી તેમની લાયકાત પ્રમાણે પરીક્ષાઓ અપાવી જે તે ધોરણમાં પ્રવેશ અપાવ્યો. પછીથી તેણે આ બાળકોને ભણાવવાનું બંધ કર્યું અને સરાણિયા, દેવીપૂજક પરિવારના બાળકો માટે કામ શરૂ કર્યું. સાથે સાથે તેના જૂના વિદ્યાર્થીઓ એટલે કે સલાટના બાળકો નિયમિત શાળાએ જાય છે કે નહીં એનું ધ્યાન એ રાખે.. પણ ત્યાં બધું બરાબર ચાલે.. જ્યારે નવા બાલઘરમાં પડકાર ખૂબ મોટો હતો. સરાણિયાના બાળકો શાળામાં જાય જ નહીં. અહીંયા પણ રીનાએ મહેનત કરી અને વર્ષના અંતે બાળકો શાળામાં જતા થયા. આ બંને વસાહતોના વાલીઓ જેવા જાગૃત વાલી અમને આજ દિન સુધી એકેય વસાહતમાં મળ્યા નહોતા. આટલું ઝડપથી શીખી અને અમલ કરે તેવું પહેલીવાર થઈ રહ્યું હતું. રીનાએ આ વસાહતના બાળકોને પણ સરકારી શાળામાં દાખલ કરાવ્યા પછી થોડો સમય બાલઘર ચલાવ્યું અને બાળકોની નિયમિતતા જોઈને બાલઘર બંધ કરીને. વધુ વંચિત વસાહત અને એક પણ બાળક શાળામાં જતું ના હોય તેવી વસાહતની શોધમાં એને ભોજપરાની ગાડલિયા વસાહત



મળી. જો કે રીનાની અહીંયા કસોટી થવાની હતી.. આગળની શાળાઓમાં જે ઝડપથી સફળતા મળી હતી તેના કરતાં તદ્દન વિપરીત પરિણામ માટે એને તૈયાર રહેવાનું હતું.

ભોજપરામાં સરસ્વતી બાલઘર શરૂ કર્યું પણ એક વર્ષમાં રીના થાકી ગઈ. વાલીઓને બાળકોના શિક્ષણમાં જરાય રસ નહીં. વર્ષના ઘણા બધા મહિના સ્થળાંતર કરે. કેટલાક પરિવાર જ સ્થાયી રહે.. શાળાએ જઈ શકે તેવા બાળકોની સંખ્યા ૪૦. ભોજપરાથી ગામની નિશાળ બે કી.મી.ના અંતરે પણ એક પણ બાળક શાળામાં જાય નહીં. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને રજૂઆત કરી. આમ તો ઝઘડો કર્યો એમ કહીએ તો પણ ચાલે. ખૂબ મહેનતના અંતે સરકારે વસાહતમાં જ એસ.ટી.પી. વર્ગ શરૂ કર્યા. જેમાં બાળકોને તેમની ઉંમર પ્રમાણેના ધોરણની તૈયારી કરાવવાની હોય અને પછી જે તે ધોરણની સીધી પરીક્ષા આપીને તેમને જે તે ધોરણમાં દાખલ કરવાના થાય. એસ.ટી.પી. વર્ગમાં સરકાર દ્વારા એક શિક્ષકની નિમણૂક થઈ જે બાળકને ભણાવે. રીના પણ ત્રણ કલાક ભણાવે. બાળકોને રસ પડવા માંડ્યો છે. કેટલાક વાલી સમજ્યા પણ છે પણ જ્યાં રહે છે ત્યાં કામ નથી. એ દેશી જડીબુટ્ટી વેચવાનું કામ કરે છે અને એ માટે ફરે છે. ભોજપરામાં બાળકોને કોના ભરોસે મૂકીને જાય તે પ્રશ્ન છે. ૧૫ બાળકો વસાહતમાં નિયમિત હાજર હોય છે તેમના માતા-પિતા અન્ય બાળકોને પણ સાચવે એની ગોઠવણ માટે રીના પ્રયત્ન કરી રહી છે. જો દરેક બાળક વસાહતમાં રહે તો સંખ્યા ૪૦ ઉપર પહોંચી જાય. રીનાને શ્રદ્ધા છે કે એ સફળ થશે. એની મહેનત અને ધીરજને સલામ કરવાનું મન થાય.

વાંકાનેર વિસ્તારના આ બાળકોને ભણાવવામાં મુંબઈના આદરણીય શ્રી કીર્તિભાઈ શેઠનો આર્થિક સહયોગ સતત મળતો રહ્યો છે અને એ કારણે જ આ કામો થઈ શક્યા છે જેમનો આ તબક્કે આભાર વ્યક્ત કરું છું.

## બાલઘરની સાથે સાથે...



***બાલઘરમાં આવતા બાળકોના વાલીઓ તેમને મળેલા ઓળખના આધારો સાથે...***

સૌરાષ્ટ્રમાં તો વિચરતી જાતિઓની સ્થિતિ ખૂબ ખરાબ છે. આવામાં તેમની સ્થિતિ સંદર્ભે સરકારમાં કોઈ પણ રજૂઆત માટે જઈએ ત્યારે ઘોર નિરાશા સાથે જ પાછુ આવવાનું થાય... ઉચ્ચ સ્તરના અધિકારી જેટલા સંવેદનશીલ તેટલા નીચેના સ્તરના અધિકારી નીંભર.. કામ કરવું તો જરાય ગમે નહીં. ક્યારેક કાર્યકરની સાથે ખરાબ વ્યવહાર પણ કરે.. ગમે તેવું બોલી પણ નાખે. બાલદોસ્ત રીના તેના બાલઘરના વાલીઓના પ્રશ્નો લઈને કચેરીમાં જાય તો હડધૂત પણ કરે.. એક વખત તો અડપલું કરવાની કોશિશ કરી. આખરે કલેક્ટર શ્રીને લખ્યું અને અધિકારી થોડું સાંભળતા થયા. જ્યાં એક વ્યક્તિનું મતદારકાર્ડ મેળવવું પણ મુશ્કેલ હતું ત્યાં રીનાની મહેનતથી સરસ્વતી બાલઘર જ્યાં ચાલે છે તે વસાહતની સાથે સાથે તેની આસપાસની ઘણી વસાહતના નાગરિકોને મતદારકાર્ડ, રૅશનકાર્ડ, આધારકાર્ડ મળ્યા. હા પ્લૉટ મેળવવા એ સૌરાષ્ટ્રમાં સૌથી મુશ્કેલ છે પણ અમે એમાં સતત લાગ્યા રહીશું અને એક દિવસ પરિણામ ચોક્કસ મળશે...



## વસાહતમાં રહેતા એક પણ બાળકે શાળા જોયેલી નહીં

મોરબીનાં ત્રાજપરમાં સરાણિયા અને કંડલા રોડ પર વાંઝા પરિવારો વર્ષોથી રહે. પણ કોઈનું આ પરિવારો ઉપર ધ્યાન જ ના પડ્યું હોય એમ કોઈ જ પ્રાથમિક સુવિધા આ પરિવારોની વસાહતમાં નહીં. નાગરિક તરીકેના કોઈ અધિકાર પણ નહીં. વસાહતમાં રહેતા એક પણ બાળકે શાળા જોયેલી નહીં. શાળા પ્રવેશોત્સવ વખતે યોજાતા મેળામાં શિક્ષકો બાળકોને શોધી શોધીને શાળાએ લાવે પણ વિચરતી જાતિની ઉપરોક્ત વસાહતોમાં બાળકોને શોધવા કોઈ ક્યારેય આવેલું નહીં. જો કે આ સ્થિતિ આ બે વસાહત પુરતી જ નહોતી. સૌરાષ્ટ્રમાં અનેક ઠેકાણે બાળકો આવી જ દુર્દશામાં જોવા મળે.

વિચરતી જાતિઓની એવી વસાહતો કે જ્યાંથી એક પણ બાળક શાળામાં જતું ના હોય તે અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, મોરબીને લખ્યું. જવાબ ના મળતા માહિતી માંગી. થોડું દબાણ ઊભું થયું પણ નક્કર આયોજન થાય નહીં. સરકાર શાળા કરે તેની રાહ જોયા વગર આપણે બે વસાહતોમાં વૈક્લ્પિકશાળા શરૂ કરી. બાલદોસ્ત રમેશ બાળકોને ભણાવે. સાથે સાથે સરકારમાં પણ આ બાળકો માટે શિક્ષણ વ્યવસ્થા ગોઠવવા રજૂઆત કર્યા કરે. આખરે ત્રાજપરની વસાહતમાં સરકારે એસ.ટી.પી. વર્ગ શરૂ કર્યો. બાળકોને તેમની ઉંમર પ્રમાણે જે તે ધોરણની તૈયારી રમેશની સાથે સાથે એસ.ટી.પી.વર્ગના શિક્ષકો પણ કરાવે. વર્ષના અંતે ત્રણ જુદી જુદી શાળાઓમાં બાળકોને તેમની ઉંમર પ્રમાણે દાખલ કર્યા. બાળકો નિયમિત શાળાએ જાય અને ત્રણ કલાક આપણી વૈકલ્પિકશાળામાં પણ ભણે છે.





પરબતભાઈ તેમના પરિવાર સાથે

પરબતભાઈ સરાણિયાની બે દીકરી અલ્પા અને શિલ્પા અનુક્રમે ધો. ૩ અને ધો.૪માં ભણે. છરી-ચપ્પુની ધાર કાઢવાના કામે પરબતભાઈ ગામે ગામ પરિવાર સાથે ફરે. આમાં દીકરીઓનું ભણવાનું પણ બગડે. આપણી શાળા શરૂ થયા પછી સરકારી શાળામાં દીકરીઓને ભણવા બેસાડી પછી બાળકોમાં જે પરિવર્તન આવ્યું તે પરબતભાઈ બરાબર જાણે. તેમણે પોતાની દીકરીઓનું ભણવાનું બગડે નહીં એ માટે કામ પર જશે તો પણ દીકરીઓને સાથે નહીં લઈ જવાનો નિર્ણય કર્યો. અલ્પા અને શિલ્પા તેના દાદી સાથે વસાહતમાં જ રહે છે અને ભણે છે. આવું જ સરાણિયા મહેશભાઈનું પણ છે તેમના દીકરા હાર્દીકને તેઓ ખૂબ ભણાવવા ઈચ્છે છે. પોતે જે જિંદગી જીવ્યા તેવી બાળકોને નથી આપવી તેવો તેમનો નિર્ધાર છે.

સૌરાષ્ટ્રમાં વિચરતી જાતિઓની સ્થિતિ અત્યંત ખરાબ છે. પાણી વિના અઠવાડિયે નાહતાં અસંખ્ય પરિવારોમાં બાળકોની હાલત તો દયાજનક છે. વસાહતમાંથી છોકરાંઓ ડોળિયા હોસ્ટેલમાં ભણવા આવે ત્યારે સૌ પ્રથમ એમને બરાબર નવડાવીએ અને પછી તેમને હજાની દુકાને લઈ જઈને તેમના માથાના વાળ કઢાવી દઈએ અથવા આછા કરાવી દઈએ. મૂળ માથું આખું જુ અને લીખથી ખદબદતું હોય આવામાં ટકા(વાળ કાઢી નાખવા) સિવાય અમારી પાસે બીજો વિકલ્પ પણ નથી હોતો. વાંકાનેર સલાટ વસાહતમાંથી હોસ્ટેલમાં આવેલા નવઘણના માથાના વાળ પ્રથમ દીવસે અમે કઢાવી નાખ્યા. બીજા દિવસે સવારે ઊઠીને નવઘણે હોસ્ટેલમાં બાળકોની દેખરેખ રાખતા બાલદોસ્ત વાલજીને કહ્યું, 'સાહેબ કેટલા વખતે હું આવી રીતે નિરાંતે ઊંઘ્યો'. મૂળ જુ થી થતી ખંજવાળના કારણે





નવઘણ શાંતીથી ઊંઘી નહોતો શકતો.. હવે આમ જુઓ તો આ ખુબ નાની બાબત છે પણ મા-બાપ પોતાની પળોજણમાંથી ઊંચા આવે તો આ બધા માટે વિચારે ને..પછી આવામાં તેમને ભણતા કરવાના કપરાં કામમાં આદરણીય શ્રી કિશોર મારીવાલા મદદરૂપ થયા. તેમના નિરંતર સહયોગના કારણે જ આ બાળકો શાળા સુધી પહોંચી શક્યા છે.

## બાલઘરની સાથે સાથે...



*બાલઘરમાં આવતા બાળકોના વાલીઓ ખૂબ મહેનત પછી તેમને મળેલા ઓળખના આધારો સાથે...*

મોરબી જિલ્લામાં વિચરતી જાતિના ઘણા લોકો દશ્યમાન થાય પરંતુ, જેમની નજરમાં દશ્યમાન થવા જોઈએ, એ સરકારી ચોપડે હંમેશાં અદશ્ય રહે... બાલદોસ્ત રમેશની ઘણી મથામણ પછી ઓળખના આધારો મળ્યા. પણ પોલીસની હેરાનગતિ તો એવીને એવી. થોડા દિવસ પહેલાં જ વસાહતમાંથી ત્રણ જણને પોલીસ આવીને લઈ ગઈ. 'સાહેબને ગુનો શું?' એવું પૂછ્યું તો ધોલ પડી પછી તો બોલાય જ સી રીતે.. પણ પોલીસ સ્ટેશનમાં પહોંચ્યા એટલે જામીન તૈયાર હતા. કલાકમાં તો બધી વિધી પતાવીને છોડી મૂક્યા અને ત્રણે જણા ઘરે આવી ગયા. આવું તો નિયમિતનું હતું. આ પરિવારોની તેમને મળેલા આધારો સાથે જ્યારે બાલદોસ્ત રમેશ ફોટો પાડતા હતા ત્યારે ફરી પોલીસ વસાહતમાં આવી અને 'બે-ચાર જણા જીપમાં બેસી જાવ' એમ જરા તીખા અવાજે કહ્યું. પણ રમેશે કારણો પૂછ્યા અને પોલીસ પાસે જવાબ નહોતો એટલે જતા રહ્યા. રમેશે વસાહતના લોકોને પણ સ્પષ્ટ કહ્યું, 'પોલીસ મારે તોય ખોટા ખોટા કારણોસર પોલીસ સાથે નહીં જવાનું.. વોરન્ટ લાવો એમ કહેવાનું અને કંઈ ના સૂઝે તો મને ફોન કરવાનો..' બસ આટલાથી સરાણિયા પરિવારોમાં હિંમત આવી ગઈ... 'હવે નહીં બેસીએ સાહેબ ચિંતા ના કરો' એવું સૌએ કહ્યું. વસાહતમાં બાળકોને ભણાવવાનું જ એક માત્ર કામ આ બાલદોસ્તો નથી કરતા પણ દરેક પરિવારની ચિંતા તેઓ કરે છે અલબત આ બાલદોસ્તો આ પરિવારોનો જ એક હિસ્સો બની ગયા છે અને એટલે જ આ કામો થઈ શકે છે.

## વી.એસ.એસ. એમ. દ્વારા કાર્યરત શાળા અને હોસ્ટેલ ની વિગત

વિચરતા સમુદાયના બાળકોની શાળા અને હોસ્ટેલ ચલાવવામાં મદદરૂપ થનાર તમામ સ્વજનોનો આ તબક્કે આભાર વ્યક્ત કરુ છું. હાલમાં વિ.એસ.એસ.એમ.ની મદદથી કાર્યરત શાળા અને હોસ્ટેલની વિગતો નીચે પ્રમાણે છે.

| શાળાનું નામ | અભ્યાસ કરતા બાળકોની વિગતો | | | બાલમંદિરમાં ભણતા બાળકો | ધોરણ ૧ થી૪ | ધોરણ ૫ થી૭ | ધોરણ ૮થી૧૦ | ધોરણ ૧૦થી વધુ |
|---|---|---|---|---|---|---|---|---|
| | છોકરાં | છોકરી | કુલ | | | | | |
| બજાણિયા કુમાર છાત્રાલય - રાધનપુર | ૧૬ | | ૧૬ | | | ૧ | ૧૪ | ૧ |
| સત્યમ વૈકલ્પિકશાળા ભચાઉ | ૧૯ | ૨૯ | ૪૮ | ૨૬ | ૨૨ | | | |
| ટાગોર વૈકલ્પિકશાળા અમદાવાદ | ૨૧ | ૧૯ | ૪૦ | ૫ | ૨૫ | ૨ | ૮ | |
| મસ્તી વૈકલ્પિક શાળા વિજાપુર | ૧૭ | ૧૫ | ૩૨ | ૨ | ૨૬ | ૪ | | |
| આનંદ છાત્રાલય થરાદ | ૪૮ | ૧૨ | ૬૦ | ૧ | ૨૮ | ૧૯ | ૧૨ | |
| મૈત્રી વૈકલ્પિક શાળા ડિસા | ૧૮ | ૧૨ | ૩૦ | ૧૨ | ૧૫ | ૩ | | |
| રૂમઝુમ વૈકલ્પિક શાળા દિયોદર | ૧૯ | ૧૧ | ૩૦ | ૧૨ | ૧૫ | ૩ | | |
| એકલવ્ય વૈકલ્પિક શાળા મોરબી | ૧૮ | | | | | | | |
| કલરવ કન્યા છાત્રાલય ડોળિયા | | ૬૯ | ૬૯ | | ૩૮ | ૨૩ | ૮ | |
| વાત્સલ્ય કુમાર છાત્રાલય ડોળિયા | ૭૫ | | ૭૫ | | ૩૧ | ૨૬ | ૧૮ | |
| સુવિચાર વૈકલ્પિક શાળા મોરબી | ૧૫ | ૧૧ | ૨૬ | ૫ | ૨૧ | | | |
| એકતા વૈકલ્પિક શાળા એકતા | ૧૫ | ૧૩ | ૨૮ | ૯ | ૧૯ | | | |
| વિદ્યામંદિર વૈકલ્પિક શાળા પાલનપુર | ૨૪ | ૨૧ | ૪૫ | ૪૫ | | | | |
| પારસ વૈકલ્પિક શાળા ધનિયાવાડા | ૩૩ | ૨૩ | ૫૬ | ૧૪ | ૨૫ | ૧૩ | ૪ | |
| શારદા વૈકલ્પિક શાળા ભેરડા | ૧૦ | ૧૪ | ૨૪ | ૨ | ૧૯ | ૩ | | |
| સરસ્વતી વૈકલ્પિક શાળા ભોજપરા, વાંકાનેર | ૨૨ | ૧૬ | ૩૮ | ૩૮ | | | | |
| આનંદ બાલઘર અમદાવાદ | ૧૭ | ૧૩ | ૩૦ | ૯ | ૧૮ | ૩ | | |
| કુલ | ૩૮૭ | ૨૭૮ | ૬૬૫ | ૧૮૦ | ૩૧૭ | ૧૦૩ | ૬૪ | ૧ |





રૂમઝૂમ બાલઘરના બાળકોને નાસ્તો આપતાં પસીબહેન મીર

બાલઘરમાં ભણવા આવતા બાળકોને આપણે નાસ્તો આપીએ છીએ. જેનો વાર્ષિક ખર્ચ રૂ. ૩૦,૦૦૦ થાય છે. જે શાળા સ્પોન્સર થઈ છે ત્યાં આપણે પોષ્ટિક નાસ્તો આપીએ છીએ. પણ જે શાળા દત્તક લેવાઈ નથી તેવી શાળામાં નાસ્તાના ખર્ચ માટે મદદરૂપ થવા વિનંતી.

# વસાહત નિર્માણની ખાટી મીઠી મૂંઝવણો



*જુના ડીસામાં ૬૭ પરિવારોએ પોતાનાં ઘરો બનાવવાનું શરુ કર્યું.*



*ધ્રાંગધ્રામાં તૈયાર થઈ રહેલું સેમ્પલ હાઉસ*



*વાદી વસાહતમાં ધ્રાંગધ્રાની ધરાને અનુરૂપ પત્થરમાંથી થઈ રહેલું ઘરોનું બાંધકામ*

સદીઓથી અમાનવીય સ્થિતિમાં રહેતા વિચરતા પરિવારોને વગડાંમાંથી વહાલપની વસાહતમાં લઈ જવાનો નિર્ધાર ધીમે ધીમે સફળ થતો જાય છે. પૂજ્ય મોરારીબાપુએ આપેલી રામકથામાં વિચરતા પરિવારોને તેમની ઈચ્છા પ્રમાણે સ્થાયી સરનામું - ઘર મળે તે દિશામાં કામ કરવાનો નિર્ધાર કર્યો. આમ જોઈએ તો આ સૌથી કપરું કામ. વિચરતા પરિવારોને કોઈ પોતાના ગામનો હિસ્સો ગણે નહીં એટલે મતદારકાર્ડ આપવામાં પણ ગામ સહમત ના થાય ત્યાં રહેણાંક અર્થે પ્લોટ માટે તો કેમ તૈયાર થાય... એક પરિવારને પ્લોટ મેળવવામાં વર્ષો લાગી જાય.. ગામનો વિરોધ નાહોય તો પણ ઓછામાં ઓછી ચાર - પાંચ વર્ષ ફાઈલ ચાલે ત્યારે જતાં પ્લોટ મળે અને વિરોધ હોય ત્યાં તો પ્લોટ મળશે એવી આશા અમે અને આ પરિવારો બંને રાખીને અમારો અરજી કર્યા કરવાનો ધર્મ બજાવતા રહીએ.. જેમકે વિજાપુરમાં ડફેર પરિવારોની અરજી ૨૦૦૭થી કરી રહ્યાં છીએ. પરંતુ આજદિન સુધી તે દિશામાં કાંઈ થયું નથી. આમ આ આખું કામ ખૂબ જ ધીરજ માંગી લે તેવું છે.

અત્યાર સુધીમાં સંસ્થા આપ જેવા દાતાઓની મદદ થકી ૨૬૫ પરિવારોને ઘર બાંધી આપવામાં નિમિત બની છે. હાલમાં જૂના ડીસામાં ૧૪૩ અને ધ્રાંગધ્રામાં ૧૫૫ પરિવારોના ઘરો બાંધવાનું કામ ચાલુ છે. આ બંને વસાહતોમાં પ્લોટ મળ્યાને ઘણા વર્ષો થઈ ગયા હતા પરંતુ, કેટલાક પ્રશ્નોના કારણે ઘરનું બાંધકામ શરૂ થઈ શક્યું નહોતું. જે હવે શરુ થયું છે. હા, જૂના ડિસામાં હજુ થોડી તકલીફ છે પણ તેનું નિવારણ થશે તેવી આશા પણ છે.

## નટ પરિવારોની વસાહત : જૂના ડીસા



*જુના ડીસામાં પોતાનું ઘર ઉભું કરવામાં મહેનત કરતા નટ પરિવારો*

વર્ષ ૨૦૧૧માં જૂના ડીસામાં ૧૪૩ વિચરતા પરિવારોને રહેણાંક અર્થે પ્લોટ ફાળવ્યાનો હુકમ સરકાર દ્વારા થયો હતો પરંતુ, જમીન પર ગામના કેટલાક માથાભારે લોકોએ દબાણ કરી દીધેલું એટલે બાંધકામ શક્ય નહોતું. આ સંદર્ભે વારંવારની રજૂઆતો છતાં કોઈ કાર્યવાહી થતી નહોતી. એવામાં ૨૦૧૨માં સરકારે ૬૭ પરિવારોને પ્લોટ ફાળવ્યાની સનદો અને મકાન બાંધવા માટે રૂ.૨૧,૦૦૦ની સહાયના ચેક આપી દીધા. ૬૭ પરીવારને સનદ અને ચેક કેમ આપ્યા, બાકીના ૭૬ને કેમ નહીં તેનો જવાબ અમને પણ મળતો નથી. પણ હા ૨૦૧૨માં સરકાર દ્વારા ડીસા મુકામે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ મેળામાં ૬૭ પરિવારોને પ્લોટની સનદ અને મકાન સહાયના ચેક આપવાનું સરકારે નક્કી કર્યું હતું. એ વખતે આ પરિવારો મકાન સહાયના ચેક લેવા રાજી નહોતા કેમ કે મકાન સહાય રૂ.૪૫,૦૦૦ થી વધીને રૂ.૭૦,૦૦૦ થવાની શક્યતા હતી. વળી એક વખત રૂ.૪૫,૦૦૦ની સહાયતાવાળો ચેક સ્વીકારે અને પછીથી મકાન સહાયની રકમ વધે તો તે રકમનો ફાયદો આ પરિવારોને મળી શકે નહી માટે તેઓ ચેક સ્વીકારવાની ના પાડતા હતા. વળી આ બધામાં સૌથી અગત્યનું આ પરિવારો પાસે જમીનનો કબજો તો હતો નહીં તો મકાન



સહાય લઈને મકાન ક્યાં બાંધે તે પણ એક કારણ હતું. આમ તો સરકારી નિયમ પ્રમાણે પ્લોટની સનદ અને મકાન સહાય મળ્યાના છ મહિનામાં અરજદારે મકાનનું બાંધકામ શરૂ કરી દેવું પડે પણ જૂના ડીસાના કિસ્સામાં દબાણ હોવાના કારણે આ શક્ય નહોતુ.

૨૦૧૫માં કલેક્ટર શ્રીએ દબાણ ખુલ્લુ કરાવ્યું. દબાણ ખુલ્લુ કરાવવામાં ખૂબ તકલીફો થઈ. છેક ગાંધીનગર સુધી રજૂઆત કરવી પડી ત્યારે જતા દબાણ ખુલ્લુ થયું. ૬૭ પરિવારોના મકાનનું બાંધકામ શરૂ થયું અને ૭૬ પરિવારો કે જેમને પ્લોટ ફાળવ્યાના હુકમ મળ્યા છે તેમણે સનદ માટે કલેક્ટર શ્રીને રજૂઆત કરી. સનદ મળે પછી જ તેઓ બાંધકામ કરી શકે અને મકાન સહાય પણ પછીથી જ મળી શકે. આમ તો સ્થિતિ તદ્દન સ્પષ્ટ છે હુકમો છે તો સનદ આપી જ શકાય, પણ કોણ જાણે કેમ તેમાં ઘણો વિલંબ થઈ રહ્યો છે..

***આમ જૂના ડીસામાં ૧૪૩ પરિવારોને પ્લોટ મળે તેની અરજી ૨૦૦૮માં કરી પ્લોટનો હુકમ ૨૦૧૧માં મળ્યો અને તેમાંથી ફક્ત ૬૭ પરિવારોના મકાનનું બાંધકામ ૨૦૧૫માં શરૂ થયું અને ૭૬ પરિવારોનું તો શું થશે એ અંગે અત્યારે કહી શકાતું નથી. આ પરિવારોનો વગડામાંથી વહાલપની વસાહતમાં લઈ જવાનું કામ ૭ વર્ષે પણ પુરુ થયું નથી. આવામાં ઘર વિહોણા હજારો વિચરતા અને વંચિત પરિવારોના ઘરો ક્યારે બનશે તે સૌથી મોટો પ્રશ્ન છે...***

*જુના ડીસામાં ૭૬ પરિવારો કે જેમને પ્લોટની સનદ મળી નથી પણ સરકાર સનદ આપશે જ એ આશાએ એમણે પણ ઘર બાંધવાનું શરુ કર્યું છે.*



## વાદી પરિવારોની વસાહત ધ્રાંગધ્રા



*ધ્રાંગધ્રા વસાહતમાં બંધાઈ રહેલાં ઘરો જોવા આવેલા શ્રી પ્રદીપભાઈ શાહ, શ્રી રશ્મીનભાઈ સંઘવી, શ્રી પ્રવિણભાઈ વીરા અને શ્રી ઉજમશીભાઈ ખાંદલા*

ધ્રાંગધ્રામાં પણ પ્લોટ ફાળવણીનો હુકમ ૨૦૦૭માં થયો પણ જમીન ઉબડ-ખાબડ તેને સરખી કરવામાં ઘણો ખર્ચ થાય તેમ હતું. સરકારે જમીન ફાળવતી વખતે કહ્યું હતું કે, જમીન સમતળ કરીને આપશે પણ હુકમ અને સનદ આપ્યા પછી સમતળ માટે કશું થયું નહીં. ઘણી રજૂઆતોના અંતે આ પરિવારોએ સમથળનો તમામ ખર્ચ પોતે કરશે તેમ નક્કી કર્યું. સાપના ખેલ બતાવી લોકોનું મનોરંજન કરીને પેટિયું રળતા આ પરિવારો માટે જમીન સમથળ કરવા માટે ઘરદીઠ રૂા.૫,૦૦૦ કાઢવા સહેલા નહોતા પણ હવે ઘર જોઈતું હતું એટલે ૨૦૧૪માં સમથળનું કામ પુર્ણ કર્યું. પછી મકાન સહાયની વાત આવી પણ નગરપાલિકા બાંધકામ માટે મંજુરી ના આપે.. ખૂબ રજૂઆતો કરી રાજકીય આગેવાનો પણ ભલામણ કરે પણ કામ આગળ ના વધે.. છેવટે મુખ્યમંત્રી કાર્યાલયમાં લખ્યું અને ત્યાંથી દબાણ ઊભું થયું ત્યારે જતા મંજુરીની ચીઠ્ઠી આપી અને મકાન સહાયના ચેક મળ્યા અને બાંધકામ શરૂ થયું.

વસાહતની બાજુમાંથી રેલવે લાઈન જાય છે. ઘરનું બાંધકામ શરૂ થયું એટલે રેલવે ઓથોરેટીએ રેલવે લાઈનની નજીકના ઘરો બાંધવાની મનાઈ કરતી નોટીસ આપી. આપણે કલેકટર શ્રીને લખ્યું છે જેટલા પરિવારોના પ્લોટ પર ઘર બાંધવાની રેલવે ના પાડે છે તે જગ્યા સરકાર પરત લઈ લે અને એની જગ્યાએ આ પરિવારોને બીજા પ્લોટ ફાળવો. પણ આ બધામાં ઘણો સમય જશે..

***એક સરળ પદ્ધતિ વ્યક્તિને પ્લોટ ફાળવણી થી લઈને ઘર બને ત્યાં સુધીની નક્કી કરવાની જરૂર છે. નહીં તો હાલમાં જે ગતિએ કામ થઈ રહ્યું છે તે જોતા આપણા વડાપ્રધાનશ્રી એ ૨૦૨૧ સુધીમાં તમામ પરિવારોને ઘર આપવાનો જે સંકલ્પ કર્યો છે તે પુરો થશે કે કેમ તે શંકા છે.***



જે પરિવારોના ઘરો બની રહ્યા છે તેમની વાત, આપણા તે દરમ્યાનના અનુભવો, સરકારમાં આ સંદર્ભે કરવી પડતી કામગીરી અને દાતાઓના સહયોગની વિગતે વાત આવનારા અસ્તિત્વમાં લખવાનું આયોજન છે. આ અસ્તિત્વ શિક્ષણ સંદર્ભે જ કર્યું છે પણ ઘર બાંધકામનો આપણો કાર્યક્રમ ખૂબ મોટો છે તેમાં થઈ રહેલી ગતિવિધિ જણાવવાના હેતુસર આ વિગતો મૂકી છે.

## કાલુપુર બેંક – અમારી બેંક

પરોઢ થવામાં છે. ધ્રાંગધ્રાની વાદી વસાહતમાં આજે પ્રથમવાર અનેરો સંચાર જોવા મળે છે. ઝૂંપડે ઝૂંપડે વાદી પરિવારાનાં મોભીઓ સજ્જ થઈ રહ્યા છે. આજે પહેલી વખત વસાહત આટલી વહેલી તૈયાર થઈ છે. વાદી અગ્રણી ગોરખનાથ સહુને ઝડપથી તૈયાર થવા સૂચના આપી રહ્યા છે. ધ્રાંગધ્રાથી આ વાદીઓનો સમૂહ લગભગ દસેક વાગે એસ.જી. હાઈવે આવી ચાર - પાંચના સમૂહમાં ધી કાલુપુર કૉમર્શીયલ કૉ-ઓપરેટીવ બેન્ક લી.માં આવી પહોંચ્યા છે.

આ તરફ બૅન્કનો સ્થાપના દિન હોઈ તેને નવોઢારૂપે શણગારાઈ છે બૅન્કનાં કર્મચારીઓ આ વાદીઓને આવકારવા તત્પર છે. બૅન્કનાં અધિકારી/ટ્રસ્ટીઓ વેળાસર આવી પહોંચ્યા છે. બેન્કીંગ વ્યવસ્થાના ઈતિહાસમાં આ અનેરી ઘટના આકાર લઈ રહી છે. સમાજનાં છેવાડાનાં વ્યક્તિ સુધી ફાઈનેન્સિયલ સેવાઓ પહોંચાડવાનો વિનમ્ર પ્રયાસ થઈ રહ્યો છે.

વાદી સમૂહ પરંપરાગત વ્યવસાય ગુમાવી બેઠેલો. ભિક્ષાવૃતિ દ્વારા આજિવીકા રળે. આ લોકોનાં બૅન્ક ખાતા ખોલવા, તેમને ઘર બાંધવા લૉન આપવી, તે માટે અનેક ફોર્મ ભરવા, બાંયધરી તપાસવી વગેરે...આ મથામણ કોણ કરે? અને તે પણ સમાજ જેને ચોર-લૂંટારાં સમજે છે તેના માટે? પણ વાદીઓને આવકારવા બૅન્કનાં અધિકારીઓ બૅન્કનાં દ્વારે ઊભા રહ્યા. સહુને આવકારી બૅન્ક હોલમાં લઈ ગયા. સહુ કોઈને સન્માનપૂર્વક લોનનાં ચેક આપ્યા.

બૅન્કીંગ પ્રતિબદ્ધતા, ફાઈનાન્સિયલ ઈન્કલુઝનમાં હજુ તો ધિરાણ ઉપરાંત આરોગ્ય, શિક્ષણ, વીમા, પેન્શન, સાક્ષરતા ઘણું બધું કરવાનું બાકી છે. ધી કાલુપુર કૉમર્શીયલ કૉ-ઓપરેટીવ બેન્ક લી. દ્વારા લોન આપવામાં આવેલી વાદીઓની એક નમુનેદાર વસાહત ધ્રાંગધ્રામાં તૈયાર થઈ રહી છે. હા આ વસાહતમાં સરકારે રૂા.૪૫,૦૦૦, 'વિચરતા સમુદાય સમર્થન મંચ' સાથે સંકળાયેલા શુભેચ્છક દાતાઓ દ્વારા રૂા.૨૫,૦૦૦ની મદદ અને બાકીની વ્યવસ્થા માટે આ પરિવારોને કાલુપુર બૅન્કે લોન આપી. લૉન મેળવનાર વાદીઓ દર મહિને નિયમિત લૉનના હપ્તા ભરપાઈ કરે છે. સરનામાં વગરનાં છેવાડાનાં માણસને બૅન્કિંગ સેવા પૂરી પાડવાનો પ્રમાણિક પ્રયાસ સફળ નીવડ્યો છે. વિચરતા - વિમુક્ત સમાજના જરૂરિયાતમંદ તમામ સુધી બૅન્કિંગ સેવાઓ પહોંચે તે માટે કાલપુર બૅન્કના આદરણીય શ્રી અંબુભાઈ પટેલ, શ્રી નવનીતભાઈ પટેલ, શ્રી દીનેશભાઈ અમીન વગેરે અનેક પ્રકારે મદદરૂપ થઈ રહ્યા છે. કાલુપુર બૅન્કને અમારી બૅન્ક બનાવવામાં મદદરૂપ થનાર સૌનો આ તબક્કે આભાર વ્યક્ત કરીએ છીએ.

## સંસ્થાની દરેક કાર્યની માહિતી એક કલીક પર...



વિચરતા સમુદાયોના કામો અર્થે આપે જે હેતુસર અનુદાન આપ્યું છે તે અનુદાન ક્યાં ખર્ચાઈ રહ્યું છે, તે અંગેની માહિતી વખતો વખત સંસ્થા દ્વારા વિવિધ સાહિત્ય પ્રકાશિત કરીને આપને આપવામાં આવે છે પણ કમ્પ્યુટરના આ યુગમાં દરેક માહિતી તમને એક ક્લીક પર મળે તે કરવું પણ જરૂરી લાગે છે વળી દરેક દાતા દ્વારા આપવામાં આવતા અનુદાનનો હેતુ પણ નોખો છે એટલે દરેક દાતાએ તેમણે આપેલા અનુદાનને ક્યા વ્યક્તિ -પરિવાર પાછળ ખર્ચ કરી રહ્યા છે તેની વિગતો અમે બ્લોગ પર મૂકીએ છીએ. આપે જે હેતુસર અનુદાન આપ્યું છે તે હેતુસરના નીચે જણાવેલા બ્લોગ પર ક્લીક કરતાં આપને વધારે વિગતો મળી શકશે. આપ નિયમિત બ્લોગ પર ગયા વગર અપડેટ મેળવવા ઈચ્છતા હોવ તો ફોલોઅપમાં જઈને આપનું ઈમેલ આઈડી એક વખત એમાં લખી નાખશો તો પછીથી આપને આપો આપ અપડેટ વિગતો મળ્યા કરશે.

**માનવ ગરિમા સંદર્ભનો બ્લોગ: www.nomadictribes.blogspot.in**

વિચરતા પરિવારોને નાગરિક તરીકેના તમામ અધિકાર જેવા કે રેશનકાર્ડ, મતદારકાર્ડ, વિવિધ સરકારી યોજનાઓની મદદ વગેરે મેળવવામાં પડતી મુશ્કેલી અને મળ્યા પછીની સુખદ ક્ષણો અંગેની માહિતી www.nomadictribes.blogspot.in પર મળશે.

**રોજગારલક્ષી કાર્યક્રમ અંગેનો બ્લોગ: www.nomadsemployment.blogspot.in**

વિચરતા પરિવારો સ્વમાનભેર જીવી શકે, કોઈને મજબૂરીથી અમાનવીય કહી શકાય તેવા વ્યવસાયો કરવા ના પડે તે હેતુસર તેમને ગમતાં વ્યવસાય કરવા માટે આપ સૌ દાતાઓની મદદથી આપણે તેમને વગર વ્યાજે લોન આપીએ છીએ. આ લોન ધારકોના પોતાના વ્યવસાયના અનુભવો લખવાની આપણે કોશિશ કરી છે. સાથે સાથે રોજગારલક્ષી તાલીમ મેળવવા ઈચ્છતા વ્યક્તિઓને વિવિધ તાલીમ લેવા માટે પણ આપણે આર્થિક મદદ કરીએ છીએ. આ કાર્યક્રમ સંદર્ભની તમામ વિગતો નીચેના બ્લોગ પર મળશે. www.nomadsemployment.blogspot.in



**શિક્ષણ સંદર્ભનો બ્લોગ:** www.nomadseducation.blogspot.com

વિચરતા પરિવારોના બાળકોને શિક્ષણ આપવાના હેતુસર કાર્યરત હૉસ્ટેલ અને વૈકલ્પિકશાળામાં ભણતા બાળકોની વિગતો www.nomadseducation.blogspot.com પર મળશે. આ બ્લોગ અપડેટ થઈ રહ્યો છે આગામી ત્રણેક મહિનામાં આપણે જેટલા બાળકોને ભણાવીએ છીએ તે તમામ બાળકોની વિગતો સાથે આપણે બ્લોગ પર મૂકીશું.

**હાઉસીંગ સંદર્ભનો બ્લોગ: www.nomadshousing.blogspot.in**

વિચરતા પરિવારો જેમનું પોતાની સ્થાયી સરનામું નથી તેમને સરનામું મળે, તેમના ઘરો બંધાય તે દિશામાં આપણે પ્રયત્નશીલ છીએ. આપણે નવા ડીસામાં ૫૬ પરિવારોના ઘરો ગત વર્ષે બાંધ્યા તે તમામ પરિવારો અને હવે આગામી દિવસોમાં જે પણ પરિવારોના ઘરો આપણે બાંધીશું તે તમામ પરિવારોની વિગતો, ઘર બાંધવામાં અને પ્લોટ મેળવવામાં પડતી મુશ્કેલીઓ, આ પરિવારોની ઘર વિષેની લાગણીઓની માહિતી www.nomadshousing.blogspot.in પર મળશે.

**વાડિયા સંદર્ભનો બ્લોગ: www.vssmatvadiya.wordpress.com**

વાડિયા કે જ્યાંની બહેનોને અનૈતિક કહી શકાય તેવા વ્યવસાયમાં પરાણે જોડાવું પડ્યું અને તેના થકી તેમનો ગુજારો થતો. આ ગામમાં આપણે છેલ્લા ૯ વર્ષથી કાર્યરત છીએ. ૯૦ પરિવારોએ પોતાની દીકરીઓને દોઝખ ભરી જિંદગીમાં નહીં નાખવાનો નિર્ણય કર્યો છે. ગામમાં ઘણો બદલાવ છે. બાળકો ભણવા માંડ્યા છે. લોકો ખેતી અને પશુપાલન કરતા થયા છે. વાડિયાના ઈતિહાસથી લઈને આપણે કરેલા કામો વિષેની તમામ માહિતી www.vssmatvadiya.wordpress.com પર મળશે.

ઉપરોક્ત બ્લોગ નિયમિત અપડેટ થાય છે.. સાથે સાથે વિ.એસ.એસ.એમ.ની વેબસાઈટ www.vssmindia.org પર પણ આ બધી વિગત મૂકાય છે. સંસ્થા દ્વારા થઈ રહેલા તમામ કામો પારદર્શી બને, આપ વધારે સારી રીતે કામને સમજી જોડાઈ શકો તે હેતુસર આ વ્યવસ્થા ગોઠવી છે. આ સંદર્ભે આપના કંઈ પણ સૂચન હોય તો જણાવવા વિનંતી..